# ગાય અને ગૌશાળા

ગાય, ગોવંશ, ગૌશાળા, ગોધામ, પાંજરાપોળ અને
ગાયના અર્થતંત્રની ઉપયોગી માહિતી

સંકલન: સોનલ પરીખ



મુંબઈ સર્વોદય મંડળ

આ પુસ્તક 'બૉમ્બે ગૌ રક્ષક ટ્રસ્ટ'ના આર્થિક સહાયથી
પ્રકાશિત કરવામાં આવ્યું છે.

પ્રથમ આવૃત્તિ, ૬૦૦ નકલો, નવેમ્બર ૨૦૧૮

પ્રકાશક:

મુંબઈ સર્વોદય મંડળ

૨૯૯, તારદેવ રોડ, નાના ચોક, મુંબઈ ૪૦૦૦૦૭

ફોન: ૦૨૨-૨૩૮૭૨૦૬૧ । ઈ-મેલ: **info@mkgandhi.org**

વેબસાઈટ: **www.@mkgandhi.org**

# અનુક્રમ


પ્રાસ્તવિક

૧. ગાય એટલે કામધેનુ

૨. ગાય : પહેલા અને આજે

૩. ગોવંશી વિકાસ કેવી રીતે થાય ?

૪. ગોસેવા અને ગોવંશ

૫. ગોવંશી વિકાસ એટલે શું ?

૬. ગોવંશી વિકાસ શા માટે ?

૭. યાંત્રિક વિકાસ - ગોવંશી વિકાસ

૮. ગાયનાં સરેરાશ ખર્ચ અને આવક

૯. ગાયનું દૂધ

૧૦. ગૌમૂત્રના ઉપયોગ

૧૧. પંચગવ્ય અને તેના ઉપયોગ

૧૨. ગૌમૂત્ર અને ગોબર : ખાતરનો અખૂટ ખજાનો

૧૩. ગોધામ - સર્વાંગી વિકાસનો સ્રોત

૧૪. ગૌશાળા અને ઔષધનિર્માણ

૧૫. પાંજરાપોળને ગોધામ કેવી રીતે બનાવી શકાય ?

૧૬. ગાયને રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન આપો

૧૭. ભારતની દૂધાળ ગાયો અને વૃષભ ગાયો

૧૮. ગાય માટે શહેરી નાગરિકો શું કરી શકે ?

૧૯. ગાય માટે કોણ શું કરી શકે ?

૨૦. ગાય વિશે બાળકોને શું કહેશો ?

૨૧. ગૌ-વિજ્ઞાન - ફરી સજીવન થતી ભારતની વિદ્યા

૨૨. ગાય અને કાઉ

૨૩. ગાયને સમજો

૨૪. સ્વનિર્ભર ગૌશાળા

૨૫. ગોરક્ષા વિષે આચાર્ય વિનોબા ભાવેના વિચારો

૨૬. ગોરક્ષા વિષે ગાંધીજીના વિચારો

૨૭. પ્રોજેક્ટ જીઆઈઆઈએસટી

૨૮. ગૌશાળાઓની સૂચિ

પરિશિષ્ટ

# પ્રાસ્તવિક

આપણા ખેતીપ્રધાન દેશમાં ગાયને પાળવાની પરંપરા રહી છે. ભારતના ૭૦ ટકા લોકો ગામોમાં રહે છે અને તેમનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. દરેક પરિવાર પાસે થોડી જમીન હોય અને દૂધાળી ગાયો અને શક્તિશાળી બળદોનું પાલન થતું હોય તે બહુ દૂરના ભૂતકાળની વાત નથી.

આ વ્યવસ્થામાં બીમાર, અપંગ, વૃદ્ધ અને અનાથ ગોવંશની સેવા માટે દરેક ગામમાં ગૌશાળા રહેતી. સમાજના સેવાભાવને કારણે ગૌશાળાઓનો નિભાવ પણ સારી રીતે થઈ જતો. સારામાઠા પ્રસંગે લોકો ગૌશાળાને દાન આપતા. ગામ પાસે ગોચર જમીનો રહેતી તેથી પશુઓને પૂરતાં પ્રમાણમાં ખાવાનું મળી રહેતું. આમ વર્ષો સુધી ગૌવંશ અને ગૌશાળા ભારતીય સંસ્કૃતિનું અગત્યનું અંગ રહ્યું. વર્ષો સુધી ખેતી સાથે ગોપાલન બહુ સ્વાભાવિક રીતે ભારતમાં મહત્ત્વનો વ્યવસાય પણ રહ્યો.

જો કે છેલ્લાં થોડાં વર્ષોમાં જીવનશૈલીમાં ઝડપી અને મોટાં પરિવર્તનો આવ્યાં છે. અનેક કારણોસર ગોપાલનની બાબતમાં સાધનો અને સગવડો સતત ઘટતાં ગયાં છે. લોકો ઘરમાં ગાયો પાળતાં નથી અને ગૌશાળાઓ પાસે રસ્તા પર આવી ગયેલાં તમામ પશુઓને આશ્રય આપવાની વ્યવસ્થા નથી. શેડ, ભંડાર, ખોરાક, પાણી, કર્મચારી આવાસ, કર્મચારીઓનું વેતન, વીજળી જેવા અનેક ખર્ચ ગૌશાળાની કમર તોડી રહ્યા છે.

ગામોમાં નાનીનાની ગૌશાળાઓ સ્થપાય, સ્થાનિક સ્તરે તેને આર્થિક મદદ મળે અને તે સ્વાવલંબી બને તેવા પ્રયત્નો થાય તે આજે બહુ જરૂરી થઈ ગયું છે. ગૌશાળા સુંદર, સુઘડ અને સગવડભરી હોય તે સૌના માટે ગૌરવ પૂર્ણ છે.

ગૌશાળા ગાય માટે છે તેથી તેમાં ગોમાતાઓને પૂરતો ખોરાક, ચોખ્ખું પાણી, બીમારી માટે સારવાર, છાંયડો, વૃક્ષો, વરસાદથી રક્ષણ મળે તે ઉપરાંત સ્વાવલંબન માટે ગોબર-ગૌમૂત્રમાંથી જૈવિક ખાતર, પાકરક્ષક દવાઓ તેમ જ પંચગવ્યમાંથી ઔષધિ, સાબુ, સૌંદર્યપ્રસાધનો જેવી ચીજોનું નિર્માણ થાય.

ઉપરાંત આવી સંસ્થાઓ પાસે ઘાસચારો ઉગાડવા માટે જમીન હોવી જોઈએ. આજકાલ ઘાસના બદલે કપાસ ઉગાડવા કે ઘાસ માટે ફાળવેલી જમીન પાંજરાપોળને કે ઉદ્યોગોને વેચી આવક વધારવી વગેરે ખોટાં કામો મોટા પ્રમાણમાં થઈ રહ્યાં છે. આનું પરિણામ મૂગાં પશુધનને ભોગવવું પડે છે. એટલે ગૌશાળા જેવી સંસ્થાઓ અને તેમના ટ્રસ્ટીઓ-સંચાલકો સૌપ્રથમ ધ્યાન પ્રાણીઓની સુખાકારી અને તંદુરસ્તી પર આપે તે અનિવાર્ય છે.

જે જીવોને સાચવવાની જવાબદારી સ્વીકારી છે તેને ઘાસચારા કે સારવારના અભાવે દુઃખ પહોંચે કે એ કારણે તેઓ મૃત્યુના મુખમાં ધકેલાય તો આપણે પાપના ભાગીદાર બનીએ અને સમાજ અને પશુઓના વિશ્વાસઘાતી બનીએ. માટે દરેક સંસ્થાએ કે ટ્રસ્ટે ગાયના જાણકાર અને ગોપ્રેમી વ્યક્તિઓને ટ્રસ્ટી કે વેતનદાર તરીકે રાખવા ખૂબ જરૂરી છે.

સંસ્થાઓ ગોવંશની કિંમત ઉપજાવવાનું કદી ન વિચારે, પણ ગો-ઉત્પાદનોનો વિકાસ કરી પગભર બને. સરકારી સહાય પર દૃષ્ટિ રાખી બેસી ન રહે, કુશળતાથી ખર્ચ ઘટાડે ને દાતાઓ પાસેથી દાન પૈસાના રૂપમાં નહીં, પણ ઘાસચારો અને ખાણદાણના રૂપમાં સ્વીકારે એવું કેમ ન થાય ?

ગાયનાં દૂધ, ગૌમૂત્ર અને ગોબરનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી ઈંધણ, વિદ્યુત તેમ જ ઔષધિ નિર્માણ કરતી અને તંદુરસ્ત ગાયો ધરાવતી જીવંત ગૌશાળાઓને માટે સંસ્થા, સમાજ અને વ્યક્તિ પોતાનું યોગદાન આપે તે આ પુસ્તક પાછળની પ્રેરણા અને પ્રાર્થના છે.

આ પુસ્તક તૈયાર કરવા માટે જે પુસ્તકો અને વેબસાઈટોનો આધાર લીધો છે તેની સૂચિ પુસ્તકના અંતે આપવામાં આવી છે. જિજ્ઞાસુઓ તેનો ઉપયોગ કરી વધારે જાણકારી પ્રાપ્ત કરી શકે છે.

**- તુલસીદાસ કે. સોમૈયા**

# ૧. ગાય એટલે કામધેનુ

કામધેનુ શબ્દમાં જ ગાયની ઉપયોગિતા ને ઉપકારિતા નિહિત છે. કામધેનુ એટલે માનવજાતની મનોકામના અર્થાત જરૂરિયાતોને સાત્ત્વિકતા અને સંવેદનાથી પૂર્ણ કરવાનું સામર્થ્ય ધરાવનાર, અનિષ્ટોને દૂર કરનાર, સમસ્યાઓનો ઉકેલ લાવનાર અને ભવિષ્યનો આધાર. કામધેનુ એટલે અર્થ, આરોગ્ય, અધ્યાત્મ, ઊર્જા, સૌંદર્ય અને પર્યાવરણની આરાધ્યદેવી. આ વર્ણન કોઈ સ્વર્ગીય કામધેનુઓનું નથી, ભારતીય ગાયનું છે. ભારતીય ગાય આજે પણ કામધેનુ છે. જો યોગ્ય દૃષ્ટિકોણપૂર્વક માવજત થાય તો ભારતનાં સાત લાખ ગામડાંમાં વસતા પ્રત્યેક પરિવારના પેટ ભરવા અને દેશને પોતાના પગ પર ઊભો રાખવા આપણો ગોવંશ આજે પણ સમર્થ છે.

ગોધન આપણા કૃષિપ્રધાન દેશનું સાચું ધન છે. આ દેશની સમૃદ્ધિ કતલખાનાં કે કારખાનાંમાં નહીં, પણ ગોવંશ આધારિત કૃષિમાં છે.

ગોધનની કતલ અટકે તો દેશને કરોડો રૂપિયાનું નુકસાન થાય તેવી ગણતરી મૂકનારાઓને ખબર નથી કે તેના કરતાં ગાયોને બચાવવાથી દશગણો ફાયદો થવાનો છે. આઈએમએફ અને વર્લ્ડ બેંકની લોનમાંથી દેશને મુક્ત કરવાની તાકાત આપણા પશુધનમાં છે.

ઋગ્વેદ કહે છે કે ગાય ઐશ્વર્ય છે. આ સૂત્ર એકવાર ભારતના પ્રત્યેક નગરમાં જીવંત હતું. ગાયોની સેવાથી ભારત સમૃદ્ધ અને ઐશ્વર્યવાન હતું, સ્વસ્થ અને સમર્થ હતું. ગોઆધારિત ખેતીનું એક વિજ્ઞાન હતું. આપણા રબારીઓ, માલધારીઓ, ખેડૂતો અને ચારણો એ વિજ્ઞાનને જાણતા હતા. ગોવંશની કતલ કરીને જે પ્રાપ્ત કરી શકાય છે તેના કરતાં અનેકગણું ગોવંશને જીવંત રાખીને પામી શકાય છે તે સમજવાની આજે ખાસ જરૂર છે.

એક સર્વેક્ષણ કહે છે કે આજે દેશની ૬૫ ટકા ખેતી ગોવંશ દ્વારા થાય છે અને તેમાં વર્ષે ૨.૪૦ કરોડ ટન ડિઝલની બચત થાય છે, જેની અંદાજિત કિંમત ૪૦૦૦૦ કરોડ રૂપિયા થાય. બીજા એક સર્વેક્ષણ મુજબ ભારતના રેલવેનું સમગ્ર નેટવર્ક જેટલા ઉતારુઓ અને માલનું વહન કરે છે તેના કરતાં ચારગણા

ઉતારુઓ અને પાંચગણા સામાનનું વહન આ દેશનાં પશુઓ કરે છે.

ગોમયે વસતે લક્ષ્મી અને ગૌમૂત્રે ધન્વંતરી આ બંને સૂત્રો યાદ રાખવાં જેવાં છે. સૃષ્ટિના અસંતુલિત થયેલા ચક્રને સંતુલિત કરવાની તાકાત ગોવંશના ગોબર અને મૂત્રમાં છે.

અર્થ, આરોગ્ય, અધ્યાત્મ, ઊર્જા, સૌંદર્ય અને પર્યાવરણની આધારશિલા સમી ગૌમાતાના મહત્ત્વને સમજીએ તો ગોપાલન, ગોરક્ષા અને ગોસંવર્ધનથી સર્વોન્નતિ સાધી શકીએ. કમનસીબે આ વાત આપણે સમજીએ તે પહેલા અંગ્રેજો સમજી ગયા અને ભારતની સમૃદ્ધિનાં મૂળિયાંને હચમચાવી નાખ્યાં. રમેશચંદ્ર દત્તે ધ ઈકૉનોમિક હિસ્ટ્રી ઑફ ઈન્ડિયા પુસ્તકમાં લખ્યું છે કે ઈ.સ. ૧૮૫૭થી ૧૯૦૦ વચ્ચેના ગાળામાં કુલ ૧૬,૬૭,૦૨,૪૨,૮૪૦ રૂપિયાની કિંમતનાં ચામડાંની નિકાસ યુરોપ-અમેરિકાના દેશોમાં કરવામાં આવી. એ જમાનામાં એક ગાયની કિંમત ૨ રૂપિયા અને બળદની કિંમત ૩.૫થી ૪ રૂપિયા હતી. હિસાબ કરીએ તો આ ગાળામાં અંગ્રેજોએ કરોડો ગાય-બળદ-વાછરડાંની કતલ કરી હશે તે સમજાય. ત્યાર પછી પણ બચી ગયેલો ગોવંશ આપણી સંજીવની છે, તે સમજવાનું છે.

અંગ્રેજોના આવ્યા પછી આપણા દેશમાં બે પ્રકારની અર્થવ્યવસ્થા બની ગઈ છે. એક દેશી, એક વિદેશી. એક રક્ષક, એક ભક્ષક. એનું પરિણામ એ આવ્યું છે કે ઉદ્યોગપ્રધાન દેશોમાં પશુ દીઠ દસથી બાર એકર જમીન ચરિયાણ માટે હોય છે જ્યારે ખેતીપ્રધાન ભારતમાં એક એકર જમીનમાં દસથી બાર પશુ ચરે છે. અમુક ગામમાં તો ગોચર હોતાં જ નથી.

ગોવંશ આધારિત વ્યવસ્થા દેશી અને રક્ષક છે. ગોવંશની કતલ કરીને; તેનું માંસ, ચામડું વિદેશમાં નિકાસ કરીને તથા હાડકાં-લોહીમાંથી જાતજાતની દવાઓ બનાવીને આપણે અનેક ઉદ્યોગો વિકસાવ્યા છે. પણ આપણે ગૌવંશને જીવંત રાખીને તેનાથી પણ વધારે ઉદ્યોગો વિકસાવી શકીએ તેમ છીએ. વિશ્વનું હર્બલ માર્કેટ ૫૦ હજાર કરોડનું છે. તેમાં ભારતનો હિસ્સો માત્ર ચાર ટકા છે. માત્ર ફેરનેસ ક્રીમના ઉત્પાદકો ૧૨૦૦ કરોડનો વેપાર કરે છે. આપણા ગૌવંશનાં સંવર્ધનથી દૂધ અને દૂધની બનાવટો, ગૌમૂત્ર અને તેમાંથી બનતી અસાધ્ય રોગોની દવાઓ, ગોબરગેસ, ઓર્ગેનિક ફર્ટિલાઈઝર, ઓર્ગેનિક પેસ્ટીસાઈડ્સ, અમૃત માટી, સાબુ, સૌંદર્યપ્રસાધનો વગેરે સેંકડો ઉદ્યોગો વિકસાવી શકાય. ગામેગામ ક્લિનિક સ્થાપી, ગોબર ઊર્જા આપી આર્થિક લાભ મેળવી શકાય.

સંશોધનો કહે છે કે ભારતની બજારોમાં મળતાં ૫૦ ટકાથી પણ વધારે ખાદ્યપદાર્થોમાં જંતુનાશક દવાઓનું ભારે પ્રમાણ જોવા મળે છે. આમાં અનાજ, શાકભાજી, ફળો જેવી ખેતપેદાશોનો સમાવેશ છે. આવું ખાવાને લીધે રોગોનું પ્રમાણ ઘણું વધ્યું છે. ગાય આ તમામ રોગોને પડકાર આપી શકે તેમ છે. આજથી ત્રણ વર્ષ પહેલાં આંખોમાં અર્કને બદલે કોઈ જુદી દવા નાખવાથી એક જૈન સાધ્વી કહે છે કે હું લગભગ અંધ થઈ ગઈ હતી. ડૉક્ટરોએ કહ્યું કે દૃષ્ટિ પાછી આવવાની સંભાવના નહીંવત્ છે. પણ ગાયનાં વલોણાના ઘીના નશ્ય પ્રયોગ બાદ અને ગાયના ઘીને આંખોમાં અંજન કર્યા બાદ મને ટૂંક સમયમાં જ દૃષ્ટિ પાછી મળી. અંધત્વથી માંડી વંધ્યત્વ સુધીના રોગોમાં ગાયનું ઘી અકસીર ઈલાજ છે તે સંશોધનોથી પુરવાર થયેલી બાબત છે. ગાય અને ગોવંશ હાલતુંચાલતું ઔષધાલય છે તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. તેથી જ કહે છે કે ગોમયે વસતે લક્ષ્મી, ગૌમૂત્રે ધન્વંતરી.

ગ્લૉબલ વૉર્મિંગને લીધે ધ્રુવપ્રદેશોમાં બરફ પીગળવા અને ઓઝોન થરમાં ગાબડું પડવાને લીધે આખું વિશ્વ ચિંતામાં પડી ગયું છે. ગોવંશ આધારિત સંસ્કૃતિ પ્રમાણે વિશ્વ જીવ્યું હોત તો પર્યાવરણની ગંભીર સમસ્યાઓ ઊભી થાત નહીં.

ગોવંશ ઊર્જાનો અખૂટ ભંડાર છે. અણુઊર્જા માટે અમેરિકા પાસેથી કરોડો રૂપિયાના હૂંડિયામણ ખર્ચીને અણુરિએક્ટરો ખરીદવાની કોઈ જરૂર નથી. ગોબર ઊર્જા વિકસાવવાથી રાંધણગેસ, વિદ્યુત, વાહનોમાં વપરાતો સીએનજી મેળવી શકાય છે.

## ૨. ગાય : પહેલાં અને આજે

વેદકાળથી આજ સુધી ગાય વિશે ખૂબ લખાયું છે, ખૂબ વંચાયું છે. આચરાયું પણ છે, પણ એ સર્વમાં ધર્મ-શ્રદ્ધાનો ભાવ રહ્યો છે. આજે દરેક બાબત નફાનુકસાન અને તર્કના ત્રાજવે તોળાઈ રહી છે ત્યારે ગાયને પણ એ દૃષ્ટિએ અને વૈજ્ઞાનિક અભિગમથી તોળવાનો વારો આવ્યો છે.

જો કે એ ત્રાજવે પણ ગાય સવાસોળ આની ખરી ઊતરે છે. ગાય છે ત્યાં સમસ્યા નથી, સમાધાન છે એ એક શાશ્વત સત્ય છે. સમજીએ તો ગાય બિચારીબાપડી કે દયામણી નહીં પણ સર્વશક્તિમાન અને તારણહાર છે.

ગાય વિશેનું સાહિત્ય આપણે ત્યાં ત્રણ વિભાગમાં વહેંચાયેલું હતું : ગ્રંથસ્થ, ગૃહસ્થ અને કંઠસ્થ.

અંગ્રેજી શાસને પ્રજાને હેરાનપરેશાન કરી મૂકી. તેમની કુટિલતા અને ચાલાકીથી ભારતની ગાય ઘરમાંથી રસ્તા પર આવી ગઈ અને ત્યાંથી કતલખાનામાં ધકેલાઈ ગઈ. ગાયો વિશેના ગ્રંથો અને તેની પારંપરિક જાણકારી ભૂંસાઈ ગઈ. આજે આપણને એ બિલકુલ યાદ નથી કે અર્થવ્યવસ્થાના મૂળમાં જમીન, જળાશય અને જંગલો છે અને એ ત્રણેનું રક્ષણ અને પોષણ ગાય વડે જ શક્ય છે. ગાયને ધર્મની દૃષ્ટિએ, આર્થિક રીતે અને ફંડફાળાથી બચાવી લેવાની વાતો અણસમજ અને ગેરસમજોથી ભરેલી છે. ગોવિજ્ઞાનને પ્રકાશમાં લાવવાનું અને ગોરક્ષા દ્વારા પર્યાવરણ, ભૂમિ, જલ અને વનની રક્ષા કરતાં શીખવાનું જરૂરી બની જ ગયું છે. માનવમાત્રનું એ પરમ કર્તવ્ય છે.

ખેતીપ્રધાન ભારતની રીત ટ્રેક્ટર કે રાસાયણિક ખાતરની ન હતી, ભારતની ખેતી ગોવંશ આધારિત હતી. ગાયનું દૂધ ધરતી પરનું અમૃત મનાતું. ગાય ઝેરી પદાર્થ ખાય જાય તો પણ તેના દૂધમાં ઝેરની અસર આવતી નથી. ગાયનાં દૂધ-ઘીથી પોષણ, ગૌમૂત્રમાંથી ઔષધ અને ગોબરમાંથી જૈવિક ખાતર મળે છે. જૈવિક ખાતરથી ઉત્પન્ન થતું અનાજ અને શાક-ફળ સ્વાસ્થ્યવર્ધક છે ઉપરાંત તેનાથી જમીન વધારે ઉપજાઉ બને છે. ગોરક્ષા વિના વનરક્ષા, ભૂરક્ષા

કે જલરક્ષા શક્ય નથી અને એ ચારેનો નાશ એટલે હિંદુ પ્રજાનો નાશ. ગાયના આ મહત્ત્વને સમજીને હિંદુ પ્રજા ગાયનો કે તેનાં દૂધ-ઘીનો વેપાર કરતી ન હતી, પણ વિધર્મી સંસ્કૃતિઓના આક્રમણથી હિંદુ સંસ્કૃતિ છિન્નભિન્ન બની ગઈ.

વેદોએ ગાયને અહન્યા એટલે કે તેને હણી ન શકાય કહીને રક્ષણ તો આપ્યું જ હતું, સાથે તેને માતૃપદે સ્થાપી હતી. હાલના સંજોગોમાં કતલ અને અન્ય માર્ગે ગાયનું નિકંદન નીકળી રહ્યું છે. તેની પાછળ અનેક પરિબળો કામ કરી રહ્યાં છે. આઝાદી પહેલાં ભારતમાં ૩૦૦ કતલખાનાં હતાં. ૫૦ વર્ષમાં તેની સંખ્યા વધીને ૪૦,૦૦૦ થઈ ગઈ. આઝાદી પહેલાં સિત્તેર કરોડ ગોવંશ હતો, હવે માંડ બે કરોડ છે.

વેદમાં ગાવો વિશ્વસ્ય માતરઃ એવું વચન છે અને ગાય માટે કામધેનુ શબ્દ વપરાયો છે. કામધેનુ એટલે બધી કામના પૂર્ણ કરનાર. મહાભારત કાળમાં નવ લાખ ગાયોના પાલકને નંદ કહેતા. ભગવાન કૃષ્ણ ગોપાલ એટલે કે ગાયોના પાલનહાર હતા. તેમણે કહ્યું છે કે મને મળેલું તમામ ઐશ્વર્ય ગો-ચરણરજની પ્રસાદી છે. સ્વર્ગથી પણ ઉપર ગણાતા કૃષ્ણના પરમધામને માટે ગોલોક એવો શબ્દ છે. કૃષ્ણ સાથે ગાય હોય છે તો ભગવાન શિવનું વાહન નંદી એટલે કે બળદ છે. રામના પૂર્વજ મહારાજ દિલીપ નંદિની નામની ગાયને પૂજતા હતા. ટિળક કહેતા, મને મારી નાખો પણ ગાય પર હાથ ન ઉઠાવો. ગાંધીજીએ વર્ષો પહેલાં કહ્યું હતું કે ગોરક્ષાનો પ્રશ્ન સ્વરાજ્યથી પણ વધુ વિકટ છે તે હકીકત આજે સામે આવીને ઊભી રહી છે. ભગવાન મહાવીરે કહ્યું હતું કે ગોરક્ષા વિના માનવરક્ષા સંભવ નથી. મુસ્લિમ સંત રસખાન કહેતા કે ફરી જન્મ લેવા મળે તો નંદબાબાની ગાયો વચ્ચે જન્મ લઉં. મહમ્મદ પયગંબરે કહેલું કે ગાયનું દૂધ રસાયણ, ઘી અમૃત તથા માંસ ઝેર છે. શિવાજી મહારાજે બાળપણમાં જ એક ગોહત્યારાનું માથું કાપી નાખ્યું હતું.

હાલના સંજોગોમાં ગાય અને ગોવંશ પર સંકટ ઊભું થયું છે તેમ ગોહત્યાબંધી ઈચ્છનારો એક વર્ગ પણ ઊભો થયો છે. આ વર્ગ બંધારણની ૪૮મી કલમને ઘણું મહત્ત્વ આપી રહ્યો છે પણ આ કલમ આદેશાત્મક નથી, માર્ગદર્શક કલમ છે. તેને બંધારણમાં દાખલ કરવાનો એક હેતુ દેશમાં સંપૂર્ણ ગોવધબંધી કરાવવા ઈચ્છનારને છેતરીને ચૂપ કરવાનો હતો. અનુભવે આપણે જોયું કે ૪૮મી કલમની સામે જ બંધારણ ઘડાયું ત્યાથી આજ સુધી ગાયોની કતલ થતી જ રહી છે. આપણે એ પણ જોયું છે કે ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહાર

રાજ્યોએ બંધારણની કલમ ૪૮ની રૂએ પોતપોતાનાં રાજ્યોમાં સંપૂર્ણ ગોવધબંધી જાહેર કરી ત્યારે કોઈ અદૃશ્ય બળોની મદદથી મુસ્લિમ કસાઈઓએ તેને સુપ્રીમ કૉર્ટમાં પડકાર કર્યો. ફાઓ અને યુનો જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના હસ્તક્ષેપથી અને સુપ્રીમ કૉર્ટે એ રાજ્યોના કાયદાઓમાં કરેલા ફેરફારોને લીધે ગોવધબંધી અર્થહીન થઈ ગઈ. આજે એ ત્રણે રાજયોમાં અને તેને પગલે સમગ્ર દેશમાં ગાયોની કતલ અને સમગ્ર ગોવંશના નિકંદનનું કાર્ય ચાલું છે. બીજી તરફ ભારતમાં સહુથી મોટા અને વિશ્વના બીજા નંબરનાં મોટાં દૂધ-ઘી, દવા અને અનાજનાં બજારો કબજે કરી ભારતના ગળામાં આર્થિક ગુલામીનો ફાંસો નાખવા થનગની રહેલી વિદેશી સત્તાઓએ પણ આપણાં પશુધનનો કતલ અને અન્ય માર્ગોએ નાશ કરવાની ફરજ પડે તેવા કાવાદાવા શરૂ કર્યા છે.

આ સંજોગોમાં ભારતની ગાય એ એક આંતરરાષ્ટ્રીય પ્રશ્ન બની ગઈ છે અને ભારતને વિશ્વબેંકના કે મહાસત્તાઓનું આર્થિક સંસ્થાન બનાવી દેવાના ષડયંત્રનું સચોટ નિશાન બની ગઈ છે.

એટલે ગાયનો વિચાર હિંદુ સંસ્કૃતિના અસ્તિત્વનો પ્રશ્ન છે અને તેનો વિચાર એ રીતે જ થવો જોઈએ.

ડેરી ઉદ્યોગે અને વિદેશી-સંકર પ્રજાતિઓએ કઈ રીતે ગોવંશ સંસ્કૃતિને ખલાસ કરી છે તેનો અને ગાય વિષયની અન્ય માહિતીનો વધારે અભ્યાસ કરવો હોય તો અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ સંપાદિત પુસ્તક ગો-મીમાંસા વાંચવું જોઈએ. તેના લેખક વેણીશંકર વાસુ ગોસેવા સંઘના પ્રમુખ હતા.

# ૩. ગોવંશી વિકાસ કેવી રીતે થાય ?

કુદરતમાં કશું જ બિનઉપયોગી હોતું નથી. સવાલ છે ઉપયોગ કરવાની ક્ષમતા અને આવડતનો.

પ્રવર્તમાન યાંત્રિક વિકાસનો વિરોધ કર્યા વગર, સમય અને શક્તિનો વ્યર્થ વ્યય કર્યા વગર, હાથવગા સચોટ વૈકલ્પિક ઉપાય તરીકે ગોવંશી વિકાસની શક્યતાઓનું નક્કર નિદર્શન થતું રહે તે જરૂરી છે.

અમેરિકાના કૅલિફોર્નિયામાં ૯૦,૦૦૦ ગાયોની જબ્બર ગૌશાળા છે જેમાં અપંગ, બિનદૂધાળ કે અશક્ત ગાય-બળદને પણ પોષવામાં આવે છે, છતાં તે નફો કરે છે.

સાઉદી અરેબિયામાં ૩૬,૦૦૦ ગાયોની અલશફીઅ ગૌશાળા છે.

ઇડરની ગૌશાળામાં ગોબરગેસમાંથી વીજળી પેદા કરાય છે.

ધર્મજમાં ગોચરની જમીનમાં ગટરના પાણીથી ઘાસ ઉગાડવામાં આવે છે.

કચ્છની લૂણી પાંજરાપોળ ગૌમૂત્ર અને પંચગવ્યમાંથી ઔષધો બનાવીને પગભર થઈ છે.

જ્યારે ખેડૂત અને માલધારી કાચા માલને મૂલ્યવૃદ્ધિ ઉત્પાદનમાં ફેરવતા શીખી જશે ત્યારે તેની સ્પર્ધામાં ગમે તેવો યાંત્રિક વિકાસ ઝાંખો પડશે.

ફક્ત ગોવંશની વાત કરીએ તો ગાય દૂધ આપે છે, ઉપરાંત સમસ્ત ગોવંશ જીવનભર ગૌમૂત્ર અને છાણ આપે છે. તેની સ્થૂળ પ્રાપ્તિઓ ઉપરાંત સંસ્કારી સંસ્કૃતિનું નિર્માણ પણ થાય છે. ગોવંશ તો મરણોત્તર વળતર પણ કેટલું આપે છે - તેનું ચામડું, ચરબી, હાડકાં, શિંગડાં, પૂંછડું, ખરી આ બધું ઉપયોગી છે અને ખરીદાય પણ છે. જે જમીનમાં તેને દફન કરાય તે જમીનના રસકસમાં વધારો થાય છે.

આપણને તેનું યોગ્ય જતન કરતાં આવડતું નથી અને આપણે દિશાહીન દોટ મૂકતાં શીખી ગયા છીએ.

ગોવંશને માત્ર નફાના ધોરણે તોલીએ તે પણ બરાબર નથી. ગોવંશ માત્ર ધાર્મિક ખ્યાલ નથી. ગોવંશમાં ઉપયોગિતા, ગુણવત્તા અને સંસ્કારિતાનો ત્રિવેણીસંગમ છે.

## ૪. ગોસેવા અને ગોવંશ

ગૌ મે પશ્યામ્યહં નિત્યં, ગાવ: પશ્યન્તુ મે સદા ।
ગાવોસ્માકં વયં તાસાં યતો ગાવસ્તતો વયમ્ ।।

(હું નિત્ય ગાયોનાં દર્શન કરું, ગાય સદા મારી સામે જુએ, અમે ગાયોના છીએ, જ્યાં ગાય ત્યાં અમે એટલે કે ગાયને કારણે જ અમારું અસ્તિત્વ છે.)

ભારતીય સંસ્કૃતિના ઉગમકાળથી માંડીને વિદેશીઓની ગુલામી સુધીની સદીઓ દરમ્યાન ભારતમાં ગાયનો સુવર્ણકાળ હતો.

ૐ ગોભ્ય નમ: ૐ વૃષભાય નમ: । ૐ ગોભૂમયે નમ: ૐ ગોસંસ્કૃત્યૈ નમ: ।। આ મંત્ર ભારતમાં ઘેરઘેર બોલાતો. ભારતના સાત મુખ્ય ગોવંશ

૧. ગીર (ગુજરાત)
૨. શાહિવાલ (પંજાબ)
૩. લાલ સિંધી (રાજસ્થાન)
૪. રાઠી (રાજસ્થાન)
૫. થરપારકર (રાજસ્થાન)
૬. કાંકરેજ (ગુજરાત)
૭. ઓંગોલ (આંધ્ર)

આંધ્ર, રાજસ્થાન, હરિયાણા, કર્ણાટક, કાંકરેજ, ગીર અને મધ્યપ્રદેશના બળદો ઉમદા અને શક્તિશાળી ગણાય છે.

આઝાદી વખતે પણ સૌરાષ્ટ્રમાં લાખો ગાયબળદ હતાં. પ્રજા ગાયનાં દૂધ-ઘી છૂટથી ખાતી હતી. પણ સરકારી નીતિઓ અને સરકારની અણસમજને લીધે ગોવંશ ઘસાતો ગયો. ગાયનાં દૂધ-ઘી દુર્લભ બન્યાં. જે બચ્યો તે ગોવંશ ગરીબ રબારી, ભરવાડો ને માલધારીઓ પાસે રહ્યો. કોઈ સંસ્થાઓએ ગાયો રાખી.

ગૌશાળાઓમાં ગોવંશના સંવર્ધન કરતાં અનાથ ગાયોના રક્ષણનું કામ વધારે થવા લાગ્યું.

બ્રાઝિલે લગભગ સોએક જેટલી ગીરની ગાયો મગાવી લાખો ગાયોનો વંશ ઉત્પન્ન કર્યો. આપણે આપણી ગીરની ગાયોનો નાશ થવા દીધો. ક્રોસબ્રિડિંગનું સરવાળે નુકસાન થયું. હજારો વર્ષથી ગાયનાં છાણ અને ગૌમૂત્રથી થતી ખેતી નાશ પામી. રાસાયણિક ખાતરથી જમીનની ફળદ્રુપતા નાશ પામી. સમતુલા ખોરવાઈ, ખર્ચ વધ્યો અને રોગો ઘર કરી ગયા. આપણે ભૂલી ગયા કે ગાય ધન કમાવાનું સાધન માત્ર નથી, તે જીવનનો આધાર છે. સફળ કૃષિ માટે દર ચાર એકર જમીને એક ગાય જોઈએ.

કૃષિસંસ્કૃતિમાં ગોવંશનું મહત્ત્વ આંકીએ તેટલું ઓછું છે. ભારતની સંસ્કૃતિ વિવિધ ધર્મ, વિવિધ પરંપરા અને વિવિધ ભાષાઓની બનેલી છે. આ વિવિધતાઓને સાંકળતો સ્રોત એટલે ગાય. ગાય નવ નિધિની દાત્રી ગણાય છે. આ નવ નિધિ એટલે બળ, બુદ્ધિ, આરોગ્ય, આયુષ્ય, લક્ષ્મી, સંતતિ, કીર્તિ, વિજય અને મોક્ષ.

ગોસેવા કે ગોરક્ષાનો અર્થ આપણે સમજ્યા જ નથી. દુ:ખી કંગાલ ગાયોનાં ટોળાં સાચવવાં તે ગોસેવા નથી. ગાયોની આ દશાનાં કારણ શોધી તેને દૂર કરવાં તે જ સાચી ગોસેવા કે ગોરક્ષા છે.

ગાયને ઉછેરવી ને પાળવી સહેલી છે. સ્થળાંતર અને ઓછો ખોરાક તેને ફાવે છે. સ્વભાવે પ્રેમાળ હોવાથી પારસો જલદી મૂકે છે. વસૂકેલા દિવસો ઓછા હોય છે. તેનું દૂઝણું દરેક ઋતુમાં સમતોલ હોય છે અને તે ખેતીમાં ઉપયોગી બળદ આપે છે. તેનાં દૂધ-ઘી પૌષ્ટિક ને હળવાં હોય છે. વૃદ્ધ ગોવંશ આપમેળે જ ઓછું ખાય છે. જો પાલક ધ્યાન રાખે તો વેડફાતા ચારામાંથી જ બેત્રણ વૃદ્ધ પશુનું પાલન થઈ શકે. અને વૃદ્ધ પશુઓ ગૌમૂત્ર અને છાણ તો આપે જ છે.

ગોરક્ષા એ પ્રાણવાન પ્રજાના સર્જનનો માર્ગ છે.

ગાયમાં ૩૩ કોટિ દેવતાઓનો વાસ છે તેમ કહેવાય છે. કોટિ એટલે કરોડ નહીં પણ પ્રકાર.

તેત્રીસ કોટિ દેવતા એટલે

૮ વસુ (ધરતી, અગ્નિ, પાણી, વાયુ, ધ્રુવ, ચંદ્ર, પરોઢ, પ્રકાશ)

૧૧ રુદ્ર (દસ પ્રાણ - પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય (તેને વહન કરનારી દસ નાડી - ઈડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિજિહ્વા, પૂર્વા, યશસ્વિની, કૂહુ, અલંબુષા, શંખિની) અને મન)

૧૨ આદિત્ય (મહિનાઓ)

૧ આત્મા

૧ પરમાત્મા

આપણાં શાસ્ત્રોમાં ગોસેવાનાં આઠ અંગ કહ્યાં છે : ગોપાલન, ગોરક્ષણ, ગોસંવર્ધન, ગોચિકિત્સા, ગોવિજ્ઞાન, ગોવિદ્યા અને ગોમંત્ર.

## ૫. ગોવંશી વિકાસ એટલે શું ?

ગોવંશી વિકાસ એટલે એવો વિકાસ જેમાં

- વૃક્ષરક્ષા, ભૂમિરક્ષા, ગૌરક્ષા, જળરક્ષા, બીજરક્ષા થાય.
- સહુનું, સમષ્ટિનું, રાષ્ટ્રનું શ્રેય વધે.
- ગોવંશ વધે, આરોગ્ય ને ઉત્પાદન વધે.
- પોષણમૂલ્ય, ઔષધમૂલ્ય, નિકાસમૂલ્ય વધે.
- પર્યાવરણ, ઋતુચક્ર, સમષ્ટિનું સંતુલન વધે.
- બેકારી, ગરીબી, મોંઘવારી, પ્રદૂષણ ઘટે, હૂંડિયામણ વધે.
- ઊર્જા, બળતણ, ખાતર, પાકરક્ષણ, માલવહન વધે.
- સ્વરોજગાર, સ્વાશ્રય, સ્વાયત્તતા, સ્વનિર્ભરતા, સમાનતા જેવાં મૂલ્યોનું સંવર્ધન થાય.
- સત્ત્વ, સ્વાદ, સોડમ, રસકસ, ટકાઉપણું વધે.

# ૬. ગોવંશી વિકાસ શા માટે ?

માનવસમાજમાં ગોવંશનો પ્રવેશ થયો ત્યારથી માનવસંસ્કૃતિનો આરંભ થયો તેમ માની શકાય. તમામ પ્રાણીઓ પૈકી ગોવંશ માનવજાતના સૌથી આત્મીય સ્વજનસમ છે. પ્રાચીન ભારતમાં ગોધન સામાજિક મોભાનો માપદંડ હતો. આજે પણ ગાયોનાં જૂથ માટે ગોધણ કે ધણ શબ્દ વપરાય છે જે ગોધન પરથી આવેલો શબ્દ છે. ગોપાલકો ત્યારે સમાજના અગ્રણી મનાતા હતા. ભોજનનો આરંભ ગોગ્રાસ સમર્પણથી થતો હતો. ગામની લગોલગ ગોચર ભૂમિ રખાતી હતી. અનુભવના આધારે આપણે મનુષ્યો ગાયનું મહત્ત્વ સમજ્યા અને તેથી તેને ગૌમાતાનો દરજ્જો આપ્યો. આમાં ભાવુકતા કરતાં ઉપયોગિતા અને ઋણભાવ વિશેષ છે.

અન્ય પ્રાણીઓ કરતાં ગાય વધુ સમજુ અને સંસ્કારી હોય છે. ભેંસનું બચ્ચું ટોળામાંથી પોતાની માને ઓળખી શકતું નથી જ્યારે વાછરડું પોતાની જનેતાને શોધી કાઢે છે અને તેનું જ દૂધ પીએ છે.

ગાય પોતાના પાલકના પરિવારમાં બીમારી આવી હોય તો પામી જાય છે અને ચરવા જાય ત્યારે કરિયાતું જેવાં વનસ્પતિ ઔષધ શોધીને તેનાં પાન ચાવી જાય છે જેથી દૂધમાં તેના ગુણ ઊતરે.

કુદરતી આફતનો અણસાર ગાય વહેલાસર પામી જાય છે. ભેંસમાં આવી સૂક્ષ્મ સમજ હોતી નથી.

ક્રોધિત થયેલી ગાય દોડતી હોય ને સામે નાનું બાળક આવી જાય તો તરત તારવે છે. ગાયનો સ્વભાવ ભલો ને હેતાળ હોય છે.

ભારતની દેશી ગાયને કુદરતે ખૂંધ આપી છે જે વિદેશી ગાયોમાં હોતી નથી. આ ખૂધમાં સૂર્યકિરણોમાંથી ઊર્જા ગ્રહણ કરનારી સૂર્યકેતુ નામની નાડી હોય છે. આ ઊર્જાનો અંશ દૂધમાં ભળવાથી ગાયના દૂધમાં કાચા સોના જેવી પીળાશ હોય છે.

ગોબર અને ગૌમૂત્રના અનેકવિધ પ્રયોગોથી આજે ગોક્રાંતિ દ્વારા જનક્રાંતિની ક્ષિતિજો ફૂલીફાલી છે.

ગૌમૂત્રનાં સત્ત્વ અને તત્ત્વથી ૧૦૮ દર્દોની સચોટ સારવાર થઈ શકે છે. ગોબરમાં રેડિયો એક્ટિવ ટ્રાન્સિયમ હોવાથી અણુરજના રેડિયેશનથી ઊગરી શકાય છે. ગાયનું પંચગવ્ય કૅન્સર જેવા ઘાતક રોગોની સરળ, સસ્તી ને સચોટ સારવાર કરી શકે છે.

ગાયના દૂધમાં હાઈડૅન્સિટી લાઈપોપ્રોટિન હોય છે જે મગજના કોષો માટે ફાયદાકારક છે. તેથી જ ગાયનાં દૂધ-ઘી-માખણ-દહીં-છાશ બુદ્ધિવર્ધક અને યાદશક્તિવર્ધક હોય છે, જ્યારે ભેંસનું દૂધ કફ કરે છે અને આળસ વધારે છે.

ગાયનું દૂધ પીવાથી ભાવ અને મૂલ્યો ગ્રહણ કરવાની ક્ષમતા વધે છે, જેનાથી જીવન બહેતર થા છે.

ભાવિ પ્રજા ગાયનું મહત્ત્વ સમજે તે માટે આપણા પૂર્વજોએ ધાર્મિક વિધિઓ માટે ગાયનાં દૂધ-દહીં-ઘી-માખણ-છાશ-મૂત્ર-ગોબર વગેરેનો ઉપયોગ કરવાનો રિવાજ પાડ્યો છે.

## ૭. યાંત્રિક વિકાસ - ગોવંશી વિકાસ

- યાંત્રિક વિકાસની પ્રક્રિયા અને વૃદ્ધિ ઝડપી છે, ગોવંશી વિકાસની પ્રક્રિયા અને વૃદ્ધિ ધીમી છે.
- યાંત્રિક વિકાસ સમયોચિત પ્રક્રિયાજન્ય છે, ગોવંશી વિકાસ પારંપરિક પ્રક્રિયાજન્ય છે.
- યાંત્રિક વિકાસ માનવસર્જિત પરિબળ છે, ગોવંશી વિકાસ પ્રાકૃતિક પરિબળ છે.
- યાંત્રિક વિકાસ જડ અવસ્થા છે, ગોવંશી વિકાસ જીવંત અવસ્થા છે.
- યાંત્રિક વિકાસથી સ્થૂળ સમૃદ્ધિ/સુવિધા વધે છે, ગોવંશી વિકાસથી સૂક્ષ્મ ક્ષમતા વધે છે.
- યાંત્રિક વિકાસ નાણાંબળ આધારિત છે, ગોવંશી વિકાસ માનવબળ આધારિત છે.

- યાંત્રિક વિકાસ માનવસર્જિત પરિબળ છે, ગોવંશી વિકાસ પ્રાકૃતિક પરિબળ છે.
- યાંત્રિક વિકાસ સ્પર્ધાત્મક પદ્ધતિ છે, ગોવંશી વિકાસ સહયોગની પદ્ધતિ છે.
- યાંત્રિક વિકાસમાં આર્થિક શોષણ છે, ગોવંશી વિકાસમાં આર્થિક સહકાર છે.
- યાંત્રિક વિકાસ સુવાંગ માહિતીને પોષે છે, ગોવંશી વિકાસ સહિયારી સંસ્કૃતિના માનસને પોષે છે.
- યાંત્રિક વિકાસ અસમાનતા સર્જે છે. ગોવંશી વિકાસ સમાનતા સર્જે છે.
- યાંત્રિક વિકાસ શહેરીકરણને ઉત્તેજે છે, ગોવંશી વિકાસ ગ્રામવિકાસને પોષણ આપે છે.
- યાંત્રિક વિકાસ કેન્દ્રીકરણ સર્જે છે, ગોવંશી વિકાસ વિકેન્દ્રીકરણ સર્જે છે.
- યાંત્રિક વિકાસમાં તજજ્ઞનો પ્રભાવ હોય છે, ગોવંશી વિકાસમાં શ્રમનો પ્રભાવ હોય છે.
- યાંત્રિક વિકાસમાં ઊર્જા વપરાય છે, ગોવંશી વિકાસમાં ઊર્જા ઉત્પન્ન થાય છે.
- યાંત્રિક વિકાસમાં ઘસારો અને પ્રદૂષણ છે, ગોવંશી વિકાસમાં સ્વચ્છતા અને સંવર્ધન છે.
- યાંત્રિક વિકાસમાં આડપેદાશ અને ઉપદ્રવી કચરો થાય છે, ગોવંશી વિકાસમાં ખાતર અને ઊર્જા મળે છે.
- યાંત્રિક વિકાસ સંવેદનહીન છે, ગોવંશી વિકાસ સંવેદનશીલ છે.
- યાંત્રિક વિકાસ રોગસર્જક છે, ગોવંશી વિકાસ સ્વાસ્થ્યપોષક છે.
- યાંત્રિક વિકાસમાં પેક્ડ અને જન્કફૂડની હિમાયત છે. ગોવંશી વિકાસમાં શુદ્ધ ખાનપાનની હિમાયત છે.
- યાંત્રિક વિકાસમાં પ્રાકૃતિક જૈવિક સાઈકલની સમતુલા ખોરવાઈ જાય છે, ગોવંશી વિકાસમાં પ્રાકૃતિક જૈવિક સાયકલની સમતુલા સચવાય છે.

- યાંત્રિક વિકાસમાં માલિકને લાભ થાય છે, ગોવંશી વિકાસમાં સમાજને લાભ થાય છે.
- યાંત્રિક વિકાસમાં સ્થૂળ જથ્થાબંધ વિકાસ છે, ગોવંશી વિકાસમાં સૂક્ષ્મ ગુણાત્મક વિકાસ થાય છે.
- યાંત્રિક વિકાસમાં વિદેશી હૂંડિયામણ અને કરજની લાચારી છે, ગોવંશી વિકાસમાં સ્થાનિક ચલણને મજબૂત બનાવે તેવાં સ્વાશ્રય ને ખુમારી છે.
- યાંત્રિક વિકાસમાં જંગલ અને ખાણો જેવા કુદરતી સ્રોતોનું નિકંદન નીકળે છે. ગોવંશી વિકાસ કુદરતી સ્રોતોને બળવત્તર બનાવે છે.
- યાંત્રિક વિકાસનું પ્રેરકબળ સિદ્ધિ અને સમૃદ્ધિ છે, ગોવંશી વિકાસનું પ્રેરકબળ જન-સુખાકારી છે.
- યાંત્રિક વિકાસમાં માત્ર સુશિક્ષિત રોજગારી મેળવે છે. યાંત્રિક વિકાસ રોગસર્જક છે. ગોવંશી વિકાસમાં અશિક્ષિત પણ રોજગારી મેળવે છે અને તે નિરોગી વિકાસ છે.

# ૮. ગાયનાં સરેરાશ ખર્ચ અને આવક

- ગાયનું આયુષ્ય ૨૦થી ૨૪ વર્ષ, બળદનું ૨૦થી ૨૨ વર્ષ અને ખૂંટિયાનું ૨૦થી ૨૧ વર્ષ હોય છે.
- વાછરડી ૩થી ૪ વર્ષની ઉંમરે ગરમીમાં આવે. વાછરડો સાડાત્રણથી ૪ વર્ષે બળદ-ખૂંટિયો બનવાપાત્ર થાય. આ ગાળાનું મૂડીરોકાણ પ્રથમ છ માસમાં લગભગ ૨૫૦૦ + તે પછીનાં પ્રથમ વર્ષમાં ૧૮,૦૦૦ + તે પછીનાં વર્ષમાં ૨૪,૦૦૦ + તે પછીનાં વર્ષમાં ૨૪,૦૦૦ આ બધું મળીને કુલ ૬૮,૫૦૦ જેટલું થાય છે.
- ગાયનો સરેરાશ દૈનિક ખર્ચ (સમયાનુસાર વધઘટ સાથે) લીલો ચારો, સૂકો ચારો, ખાણદાણ, ગોવાળની દાડી વગેરે ગણીએ તો મહિને ૪૫૦૦ જેટલું થાય. ખાણદાણમાં ઘઉં, મકાઈ, અડદ, ખોળ અને દેશી ગોળ હોય છે.
- ગાયના વેતર વચ્ચેનો ગાળો, વસૂકી ગયાનો ગાળો મજરે ગણતા તે સરેરાશ ૬ લીટર દૂધ આપે છે. માવજત અને ખોરાકથી દૂધના પ્રમાણમાં વધારો થઈ શકે છે. માત્ર દૂધની આવક ગણીએ તો પણ રોજના ૩૦૦ રૂપિયા થાય. મહિને ૯૦૦૦ રૂપિયા. ગોબર, ગૌમૂત્ર અને દર દોઢેક વર્ષે એક બચ્ચું આપે તે વધારામાં.
- એક ગાય રોજનું ૧૪થી ૧૫ કિલો ગોબર અને ૮થી ૧૦ લિટર ગૌમૂત્ર આપે છે. ચારેક ગાય હોય તો બાયોગેસ પ્લાન્ટ સબસીડીમાં નખાવી ખર્ચ બચાવી શકાય ને વધારાની આવક ઊભી કરી શકાય.
- નાના હૉર્સપાવરના ટ્રેક્ટરમાં મૂડીરોકાણ ચારેક લાખ, ડિઝલ-ઓઈલના ૧૦૦૦ ને સામે પંદરેક વીઘાંની ખેડ થાય. તેની સરખામણીમાં પોતાની ગાયના વાછરડાના તૈયાર કરેલા બળદની જોડીનું મૂડીરોકાણ દોઢેક લાખ, દૈનિક ખોરાકના ૨૫૦ રૂપિયા ને તેની સામે દસથી બાર વીઘાંની ખેડ થાય. ટ્રેક્ટર-ડ્રાઈવરની દાડી,

ખેતમજૂરની દાડી કરતાં વધારે હોય છે. ટ્રેક્ટરમાં ઘસારાનો ને સમારકામનો ખર્ચ આવે, જ્યારે બળદમાં ગોબર અને ગૌમૂત્રની વધારાની આવક થાય.

- બાયોગેસ પ્લાન્ટની સ્લરી(રબડી) ઉત્તમ સેન્દ્રિય ખાતર છે.
- વૈજ્ઞાનિક પદ્ધતિથી ગોસંવર્ધન કરીએ તો સ્વરોજગારી, સ્વાસ્થ્ય, સ્વચ્છ પર્યાવરણ અને શોષણમુક્ત જીવન થઈ શકે. વ્યક્તિ, સમાજ ને પરિવારને પોષણ મળે.

## ૯. ગાયનું દૂધ

અપવાદોને બાદ કરતા વિશ્વભરમાં દૂધ એટલે ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણાય છે.

ગાય જંગલનું પ્રાણી નથી. ગાય માંસાહારી પ્રાણી પણ નથી. ગાયનો આહાર મહદ્ અંશે કૃષિઆધારિત છે. કૃષિ માનવસર્જિત ક્રિયા છે તેથી કૃષિ-ગાય-માનવ વચ્ચેનો સંબંધ અનિવાર્ય તેમ જ આવકાર્ય છે.

વિશ્વની મોટા ભાગની પ્રજા માંસાહારી છે. એવી પ્રજા પણ દૂધનો છૂટથી ઉપયોગ કરે છે. દૂધ અનિવાર્ય આહાર છે પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ જરૂરી છે.

ગાયને પૂજવાથી કે ગાયની પવિત્રતાની વાતો કરવાથી કે ગોવંશ બચાવો તેવા નારા ગજવવાથી કાંઈ વળવાનું નથી. દૂધના પ્રેમીઓ દૂધનો મહિમા ગાયા કરે કે દૂધના વિરોધીઓ એમની દલીલો કર્યા કરે તેનાથી પણ કંઈ વળવાનું નથી.

પ્રકૃતિ અને પાચનક્ષમતા અનુસાર માત્રા જાળવીને દૂધનો ઉપયોગ કરી શકાય. ખરેખર તો દૂધ પીવાની નહીં, બલકે ખાવાની ચીજ છે. શક્ય એટલા વધુ પ્રમાણમાં તેમાં સ્લાઈવા એટલે કે લાળરસ ભળે તો જ દૂધ સુપાચ્ય બને છે. જો દૂધ ગટગટાવીને ઝટઝટ પી જઈએ તો તેને ફાડવા માટે શરીરે વધુ લેક્ટિક એસિડ પેદા કરવો પડે છે. આ પ્રક્રિયા આંતરડાંની અંદરની મુલાયમ સ્નિગ્ધતા પર અવળી અસર કરે છે. પાઉડરના દૂધમાં પાણી લોહીમાં શોષાઈ જાય પછી આંતરત્વચા પર પાઉડરનાં પોપડાં બાઝી જાય તેને કાઢવાં માટે ઝાડા થાય છે. ડેરીનું દૂધ પણ ઘણી સાવચેતી માગે છે.

એ દૂધ તાજું હોતું નથી. પાશ્ચ્યુરાઈઝ્ડ કરવાની, કોથળીમાં ભરવાની વગેરે પ્રક્રિયાઓમાં ૨-૩ દિવસ વીતી જાય છે.

ભારતીય ઔષધ વિજ્ઞાન પરિષદનાં સંશોધનો જણાવે છે કે ભેંસ કરતાં ગાયના દૂધમાં સવિશેષ પોષણમૂલ્ય હોય છે. તેમાં વિટામિન સંતુલિત પ્રમાણમાં હોય છે. તેમાં અણુકિરણોનો પ્રતિકાર કરતું તત્ત્વ સ્ટ્રોન્ટિયમ છે. ગાયનાં છાણને સળગાવવાથી પ્લૅગના જીવાણુઓ નાશ પામે છે. ગાયની ખૂંધમાંની સૂર્યકેતુ નાડીને કારણે ગાયના દૂધનો રંગ પીળો અને ઘી સોનેરી હોય છે. તેમ જ ગાયનું દૂધ મીઠું લાગે છે. ગાયનું દૂધ પીનારી પ્રજા વધુ પાણીદાર, બળવાન, સંસ્કારી અને તેજસ્વી હોય છે.

ગીરની લાલ ગાય બ્રાઝિલમાં જો રોજના ૬૦ લિટર દૂધ આપતી હોય તો ભારતની ગાયોની એવરેજ ચાર લિટરથી પણ ઓછી કેમ છે ? વૈજ્ઞાનિક દૃષ્ટિ અને સમજપૂર્વકની જહેમતથી દૂધઉત્પાદનમાં તેમ જ દૂધની ગુણવત્તામાં ઘણો વધારો થઈ શકે. સરગવો, જીવંતી(ખરખોડી), સતાવરી, ગાજર, બેત્રણ પ્રકારના લીલા ચારા, દેશી ગોળ, ઘઉં-જવના કુમળા છોડ, મોકળાં ચરિયાણ આપવાથી ગાયની તંદુરસ્તીમાં અને દૂધનાં પ્રમાણ અને ગુણવત્તામાં ફાયદો થાય છે. ગાય અને વાછરડાં તંદુરસ્ત થાય છે, લાંબું જીવે છે ને વધુ વેતર આપે છે. ઉપરાંત ગાયની પાસેથી મળતાં તમામ ઔષધદ્રવ્યોનું આરોગ્યમૂલ્ય વધે છે.

આધુનિક વિજ્ઞાનના મતે ગાયના દૂધમાં નીચે મુજબ ફાયદા છે

- ગાયનું દૂધ રુધિરાભિસરણક્રિયાને મદદ કરે છે.
- ગાયનું દૂધ રેચક હોવાથી આંતરડાં સાફ રહે છે અને સારક હોવાથી ધમનીઓમાં ચરબી જામતી નથી.
- ગાયના દૂધનું એમિનો એસિડ પ્રોટીનને સુપાચ્ય બનાવે છે અને કિડનીને માટે ફાયદાકારક છે.
- ગાયના દૂધમાં રહેલું વિટામિન બી-૨, બી-૩ રોગપ્રતિકારક શક્તિ(ઇમ્યુનિટી) વધારે છે.
- ગાયનું દૂધ ઠંડું હોય છે. તેનાથી એસિડિટી થતી નથી.
- બ્રેસ્ટ કૅન્સર, સ્કીન કૅન્સર, ડાયાબિટિસ અને કોલેસ્ટેરોલ સામે રક્ષણ આપે છે.
- ગાયનું દૂધ કુદરતી એન્ટિ-ઑક્સિડન્ટ છે.

- માતાના દૂધ પછી ગાયનું દૂધ બાળક માટે શ્રેષ્ઠ વિકલ્પ છે.
- ગાયનું દૂધ લૉ-ફેટ હોવાને કારણે મેદસ્વિતા વધારતું નથી.
- ગાયનું દૂધ સૌંદર્ય વધારનારું, આયુષ્યવર્ધક અને વૃદ્ધત્વને ખાળનારું છે.

ગાયનું દૂધ એટલે દેશી ગાયનું દૂધ. જર્સી, એચ.એફ.હોલસ્ટિન વગેરે વિદેશી ગાય(કાઉ)નું દૂધ જુદું છે. પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ દેશી ગાય અને કાઉ એ બે જુદી પ્રજાતિ છે. બંનેના દૂધના ગુણધર્મોમાં ઘણો તફાવત છે.

પાળેલાં પ્રાણી તરીકે ગાય સૌજન્યશીલ અને પ્રેમાળ છે. તેનું દૂધ આહાર તરીકે લેવાય છે, તે ઉપરાંત દૂધ પંચગવ્યનું ઘટક પણ છે. ગાયનું પંચગવ્ય ચિકિત્સામાં વપરાય છે, ગૌમૂત્ર-ગોબર પાકસંરક્ષણ અને ઈંધણના રૂપમાં વપરાય છે. બળદ ખેતી અને ભારવહન માટે ઉપયોગી છે. આમ ગાયનું સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્ય આંકીએ એટલું ઓછું છે. ગાયની દયા ખાવાને બદલે ગાયના ગુણોને સતત યાદ રાખીએ તો આપણું અને સર્વનું શ્રેય સધાય.

## ૧૦. ગૌમૂત્રના ઉપયોગ

ગૌમૂત્ર ઉત્તમ ઔષધીય ગુણ ધરાવે છે. તેમાં જીવાણુનાશક, વિષાણુનાશક તત્ત્વો હોય છે. ભારતના આયુર્વેદાચાર્ય ચરક મુનિએ તો મૂત્રાષ્ટક લખ્યું છે. તાજું ગૌમૂત્ર ગંધહીન, સ્વાદમાં ખારું, તીખું, કડવું, ગળ્યું, ખટમીઠું એમ પાંચ રસ ધરાવતું હોય છે. ગાયના શરીરમાંથી નિષ્કાસિત થયા પછી પંદર મિનિટ બાદ તેમાં રાસાયણિક પ્રક્રિયાને પરિણામે ગંધ ઉત્પન્ન થાય છે. એક લીટર ગૌમૂત્રને ગરમ કરી તેની વરાળ દ્વારા અર્ક બન્યા બાદ ૫૦ ગ્રામ જેટલું ઘનતત્ત્વ પ્રાપ્ત થાય છે.

સુશ્રુત સંહિતા અનુસાર ગૌમૂત્ર શક્તિવર્ધક, કફ-વાતને હરનારું, નેત્રરોગ, કુષ્ટરોગ, અતિસાર, સફેદ ડાઘ, કબજિયાત, ઝાડા, કૃમિ, એનિમિયા (લોહીની કમી), હૃદયરોગ, હાઈ બ્લડપ્રેશર, કૅન્સર વગેરે રોગોમાં ઉપયોગી છે. તેનો અર્ક ૧૦૮ રોગોમાં લાભદાયી છે. અર્ક સાથે મધ અથવા ગાયના દૂધનું

સેવન કરવું લાભદાયી છે. તંદુરસ્ત ગાયના મૂત્રનો જ ઉપયોગ કરવો. માત્ર માલિશના બાહ્ય વપરાશ માટે ત્રણ માસ સુધીનો અર્ક વાપરી શકાય છે.

ગાય વર્ષે ૭૫૦ લિટર મૂત્ર આપે છે. ગૌમૂત્રના સૂકાં દ્રવ્યમાં નાઈટ્રોજન, સેન્દ્રિય પદાર્થો, પોટાશ અને ફોસ્ફરિક એસિડ હોય છે.

## ૧૧. પંચગવ્ય અને તેના ઉપયોગ

પંચગવ્ય ક્ષીર દધિ ઘૃત ગોમૂત્ર ગોમયે : ।
ભિષજાં સમ્મતં ન્યુમધિભેષજ સાધનમ્ ।।

ગાયનાં દૂધ, દહીં, ઘી, છાણ, મૂત્ર આ પાંચ દ્રવ્યોને સમભાગે લઈ મેળવવાથી પંચગવ્ય બને છે. કેટલાક ચિકિત્સકો તેમાં દર્ભનું પાણી પણ ઉમેરે છે. આદર્શ રીતે પીળી ગાયનું દૂધ, વાદળી ઝાંયવાળી કે કાબરચીતરી ગાયનું દહીં, કાળી ગાયનું ઘી અને ધોળી ગાયનું છાણ ૧૫-૧૫ ગ્રામ અને લાલ ગાયનું મૂત્ર ૫૦ ગ્રામ તેમ જ દર્ભનું પાણી ૧૦ ગ્રામ લઈ મિશ્ર કરવાથી પંચગવ્ય બને છે. આ તમામ રંગની ગાયો ન મળે તો કોઈ એક જ ગાયનાં પાંચેપાંચ દ્રવ્યોનું મિશ્રણ કરી શકાય છે.

ગાયનું દૂધ ગુરુ અને સ્નિગ્ધ ગુણ, મધુર રસ, મધુર વિપાક, શીતવીર્ય, વાતપિત્તશામક, કફકારક તેમ જ માનસરોગ, ઉદરરોગ, અર્શ, ગ્રહણી, ગુલ્મ, પાંડુરોગ અને મૂત્રાલ્પતા જેવા રોગોને હણનાર છે.

ગાયનું દહીં ગુરુ અને સ્નિગ્ધ ગુણ, મધુર અને અમ્લ રસ, મધુર વિપાક, ઉષ્ણવીર્ય, વાતશામક, કફપિત્તકારક તેમ જ જ્વર, રક્તવિકાર, અર્શ, સંગ્રહણી તેમ જ મૂત્રકચ્છ જેવા રોગોને હણનાર છે.

ગાયનું ઘી ગુરુ ગુણ, મધુર રસ, મધુર વિપાક, શીતવીર્ય, વાતપિત્તશામક, તેમ જ જીર્ણજ્વર, ઉન્માદ, અપસ્માર, નેત્રરોગ અને કુષ્ઠરોગને હણનાર તેમ જ સ્મૃતિવર્ધક છે.

ગાયનું મૂત્ર તીક્ષ્ણ અને લઘુ ગુણ, કટુ અને તિક્ત રસ, કટુ વિપાક, ઉષ્ણવીર્ય, કફવાતશામક, પિતકારક તેમ જ ત્વચાવિકાર, ઉદરરોગ, કષ્ઠ,

શિવત્ર, પાંડુરોગ અને કમળા જેવા રોગોને હણનાર છે.

ગાયનું છાણ લઘુ ગુણ, તિક્ત અને કષાય રસ, કટુ વિપાક, ઉષ્ણવીર્ય, કફશામક, પિત્તવર્ધક તેમ જ શ્વાસ, નેત્રરોગ, મુખરોગ, વાતવ્યાધિ, ત્વચારોગ જેવા રોગોને હણનાર છે.

પંચગવ્યથી શરીરશુદ્ધિ, મનશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ, ભૂમિશુદ્ધિ તથા વાતાવરણશુદ્ધિ સધાય છે.

## ૧૨. ગૌમૂત્ર અને ગોબર : ખાતરનો અખૂટ ખજાનો

જેમ માનવી માટે ખોરાક તેમ ભૂમિ માટે ખાતર અનિવાર્ય છે. ભારતમાં પશુઓની વિપુલતા છતાં પોષક સેન્દ્રિય ખાતરને બદલે ઉપદ્રવી રાસાયણિક ખાતરના વપરાશને ઉત્તેજન અપાતું રહે છે. કારણ કે માનવી સમજતો નથી અને મળમૂત્રના વપરાશને સૂગથી જુએ છે. અથવા એમ વિચારે છે કે શરીરે ફેંકી દીધેલા કચરાને કંઈ ખોરાક ઉત્પન્ન કરવામાં વપરાય ? વિશ્વના વિકસિત દેશોમાં મળમૂત્ર અને કચરાનો ઉપયોગ કરી બળતણ, ઊર્જા(વીજળી) અને ખાતર મેળવવામાં આવે છે. આ પ્રક્રિયા ગંધમુક્ત, ગંદકીમુક્ત અને સસ્તી છે. તેના જરૂરિયાત કે સગવડ પ્રમાણે નાનાં કે મોટાં એકમો બનાવી શકાય છે. બાયોગેસ પ્લાન્ટમાં ઈંધણ માટેનો ગેસ તો ઉત્પન્ન થાય જ છે, સાથે સ્લરી રૂપે ઉત્તમ ખાતર પણ મળે છે.

૧૯૭૫-૭૬માં દર હૅક્ટરે ૫૧.૬ કિલો રાસાયણિક ખાતર વપરાતું હતું, ૨૦૦૧-૨માં તે વધીને દર હૅક્ટરે ૧૭૦ કિલો રાસાયણિક ખાતર વપરાતું થયું. આ વધારો હજી ચાલુ જ છે. પરિણામ શું આવ્યું છે ? ઘઉંનાં દેશી બિયારણ ને છાણિયાં ખાતરની ખેતીમાં ૧૨ પિયતની જરૂર પડતી હતી, રાસાયણિક ખાતરની ખેતીમાં ૩૦થી ૩૫ પિયતની જરૂર પડે છે. આનાથી જમીનનું ક્ષારીકરણ થતું જાય છે. તેથી ફળદ્રુપતા ઘટે છે. અને ખર્ચ ને મહેનત વધે છે. પાણીની ખેંચ ઊભી થાય છે.

શીંગખાતર અને ગળતિયું સેન્દ્રિય ખાતર ખેડૂતને પોતાની જમીન માટે તો કામમાં આવે જ છે, પણ જો તે પદ્ધતિસર અને વૈજ્ઞાનિક રીતે ગોબર-ગૌમૂત્રનો

ઉપયોગ કરે તો વધારાની આવક પણ ઊભી કરી શકે. દરેક ગૌશાળાએ પણ બાયોગેસ પ્લાન્ટ અને ખાતર, ઔષધ બનાવવાનાં કેન્દ્રો ચલાવતાં શીખી લેવું જોઈએ.

ખેતી અને ગોપાલનનું યોગ્ય સંયોજન થાય તો ઉત્તમ પરિણામ મળે છે. જો ઉત્તમ ઓલાદના ધણખૂંટ અને દૂધાળ ગાયોની સંખ્યા અને ઉપયોગ વધે તો વર્ષમાં ત્રણથી ચાર પાકની ઉપજ લઈ શકાય. બેકારી અને ગરીબી ઘટાડવા માટે ગૌ-કૃષિ આધારિત અર્થતંત્રનું નિર્માણ જરૂરી છે.

## ૧૩. ગોધામ - સર્વાંગી વિકાસનો સ્રોત

ગોવંશી વિકાસ સર્જવાનું પાયાનું એકમ ગોધામ છે. ગોધામ સહિયારું એકમ છે.

ધરુવાડિયું બનાવવું તે તેનો પ્રથમ તબક્કો છે. તેથી ઘાસની બાબતમાં સ્વાવલંબી થઈ શકાય છે. બીજા તબક્કામાં ગામનું પાણી ગામમાં જ રહે, વહી ન જાય તે માટે કૂવા-ચૅકડેમ, ઘરટાંકા, ખેતતળાવડી વગેરેનું નિર્માણ કરવામાં આવે છે. પડતર જમીનમાં શક્ય તેટલાં વૃક્ષો વાવવાં, ગામના ઉત્પાદન અનુસાર સહિયારા ગૌભંડાર ખોલવા અને ચલાવવા વગેરે થાય છે. ત્રીજા તબક્કામાં લૂણી(કચ્છ) પાંજરાપોળની માફક ગૌમૂત્ર-અર્ક, ઔષધ, પંચગવ્ય સારવાર, રોજિંદા વપરાશની વસ્તુઓનું પ્રદૂષણરહિત ઉત્પાદન, આરોગ્યધામ, હુન્નર-ઉદ્યોગ તાલીમકેન્દ્ર, ગો-કૃષિ વિકાસલક્ષી સંશોધન વગેરે પ્રવૃત્તિઓ વિકસાવી શકાય. જો યોગ્ય રીતે વિકસાવી શકાય તો ગૌધામો ભારતની ઉદાત્ત સંસ્કૃતિ અને સાચા વિકાસનો સ્રોત બની રહે અને એક દિવસ અહિંસક ગૌક્રાંતિ સર્જાય તેમાં કોઈ શંકા નથી.

# ૧૪. ગૌશાળા અને ઔષધનિર્માણ

ગૌશાળાને ઔષધનિર્માણશાળા બનાવીએ તો સંસ્થાને પણ લાભ થાય અને સમાજને પણ લાભ થાય.

ઔષધિ નિર્માણ શરૂ કરવા માટે થોડા મુદ્દા વિચારી લેવા જોઈએ.

- અન્ન અને ઔષધિ પ્રશાસનની માન્યતા
- જે ઔષધિદ્રવ્યો બનાવવાં છે તેની સૂચિ
- ઔષધિદ્રવ્યો બનાવવાં માટે પંચગવ્ય અને અન્ય આયુર્વેદિક ઘટક દ્રવ્યોની ઉપલબ્ધતા
- ઔષધિનિર્માણ માટે ઉત્તમ ઘટક દ્રવ્યોની તેમ જ વેચવા માટે બજારની સુલભતા
- તેનું મૂલ્ય નક્કી કરવું અને ઋતુ અનુસાર તેમ જ પંચગવ્યની ઉપલબ્ધતા અનુસાર તેમાં વધારોઘટાડો ઉપરાંત તેજીમંદીનો અભ્યાસ
- નિર્ધારિત ઔષધિનિર્માણ માટે આવશ્યક જગ્યા
- પંચગવ્ય ઔષધિનિર્માણ માટે અનુભવી વૈદ્ય
- પંચગવ્ય ઔષધિનિર્માણ અને પરીક્ષણ માટે આવશ્યક સાધનોવાળી પ્રયોગશાળા
- પંચગવ્ય ઔષધિનિર્માણનો કાર્યકાળ
- પંચગવ્ય ઔષધિનિર્માણની સમયસારણી

ઔષધિનિર્માણ બાદ પૅકિંગ, સાચવણ, આવશ્યક જગ્યાએ મોકલવું, અમુક ઔષધિ નિયત કાર્યકાળમાં પૂરી થઈ જાય છે તે જોવું વગેરે માટે યોગ્ય તાલીમ અને તંત્રની જરૂર પડે છે. તેની વ્યવસ્થા પણ હોવી જોઈએ.

દરેક રાજ્યમાં અન્ન અને ઔષધિ પ્રશાસન હોય છે. તેની પાસેથી પરવાનગી તેમ જ જરૂરી પ્રમાણપત્ર મેળવી લેવાં. તેને માટે નિર્માણાધીન ઔષધિનું પૂરું નામ, ગ્રંથાધાર, તેનાં ઘટક દ્રવ્યોની સૂચિ તેમ જ માત્રા,

રોગાધિકાર વગેરેનું વિવરણ આપવું જરૂરી હોય છે. પ્રશાસન દ્વારા પ્રમાણિત કરેલા ગ્રંથોની સૂચિ પ્રશાસન પાસે હોય છે. જે ઔષધ આ સૂચિત ગ્રંથોના ઉપયોગથી બનાવાય છે તેને ગ્રંથોક્ત ઔષધિ કહે છે. જો ઔષધિ દ્રવ્યના ઘટકમાં ફેરફાર કરવામાં આવે અથવા તો અનેક ઔષધિઓ મેળવીને નવી ઔષધિ બનાવવામાં આવે તો તેને આયુર્વેદિક પ્રોપ્રાયટરી ઔષધિ કહે છે. આ બધી જાણકારી તેમ જ તેનું સ્વરૂપ એટલે કે ચૂર્ણ, ગોળી, તરલ દ્રવ વગેરેની જાણકારી પ્રશાસન માટે જરૂરી છે. પ્રત્યેક ઔષધિ માટે અલગ અલગ ખંડ તેમ જ બાહ્ય પ્રયોગ કે આભ્યંતર પ્રયોગ(પેટમાં લેવાની) ઔષધિનું નિર્માણ પણ અલગ અલગ ખંડમાં થવું જોઈએ. દરેક ખંડ ૧૦૦થી ૨૦૦ ચો. ફૂટનો હોવો જોઈએ. કઈ ઔષધિ માટે કેટલી જગ્યાની જરૂર છે તેની સૂચિ પણ પ્રશાસન પાસે હોય છે.

પંચગવ્ય ઔષધિનું કાર્યશાળા ભવન સિમેન્ટનું હોવું જોઈએ. છત પણ સિમેન્ટની જોઈએ. દરવાજા ને બારી પર જાળી ને ગરમ હવા નીકળવાની વ્યવસ્થા હોવી જોઈએ.

ઘટક દ્રવ્યો વર્ષમાં બે જ વાર ખરીદવાં અને યોગ્ય તડકો-છાંયડો આપી હવાચુસ્ત ડબ્બામાં ભરી રાખવાં. ડબ્બાઓ પર લેબલમાં વિક્રેતાનું નામ અને ખરીદીની તારીખ નાખવાં.

ઔષધિ બનાવવાની કાલાવધિ પણ બનાવવી. જેમ કે ગોમય ભસ્મ દંતમંજન બનાવતા હોઈએ તો તેને માટે ગરમીની ઋતુ સારી રહે. કામધેનુ નહાવાના સાબુ બનાવવા માટે દિવાળી પછીનો સમય ઉત્તમ છે અને ગૌમૂત્ર ઔષધ માટે ચોમાસું સારું છે. તે વખતે આખા વર્ષ માટે ગૌમૂત્ર અર્ક બનાવી સાચવી રાખી શકાય.

સામગ્રી કાઢવા-મૂકવા, માપવા-તોલવા માટે કાર્યકર્તાઓ સ્વચ્છ અને ચોક્કસ જોઈએ. તેમને નિર્ધારિત પોષાક, ટોપી, મુંહપત્તી આપવા જોઈએ. અનુભવી વૈદ્યના માર્ગદર્શનમાં બનતી ઔષધિઓનાં પૅકિંગ પર બધી જાણકારી સાથેનાં લેબલ લગાવવાં જોઈએ.

પંચગવ્ય ઔષધિના નિર્માણમાં મોટી યંત્રસામગ્રીની જરૂર પડતી નથી. હાથથી ચાલતાં નાનાં યંત્રથી કામ થઈ શકે છે. આ પ્રકલ્પનો એક હેતુ ગ્રામોદ્યોગ પણ છે. વીજળી બરાબર મળતી હોય તો નાનું ને મોટું મિક્સર, ચૂર્ણ બનાવવા માટે પલ્વરાઈઝર, વિદ્યુત જેરણી, ફિલિંગ ને સિલિંગ મશીન વસાવી શકાય.

અર્ક કાઢવા માટે અર્કપાતનયંત્ર આવે છે તે વસાવવું જોઈએ. હવે વીજળી સિવાયની ઊર્જા પર ચાલે તેવાં યંત્રો પણ બનવાં લાગ્યાં છે.

## ૧૫. પાંજરાપોળને ગોધામ કેવી રીતે બનાવી શકાય ?

પાંજરાપોળ કરુણા અને અહિંસાનું પ્રતીક છે છતાં મોટાભાગની પાંજરાપોળનું અસ્તિત્વ ટકાવવા માટે સૂત્રધારોને ઘણી મહેનત કરવી પડતી હોય છે. ક્યારેક કડવા અનુભવો પણ થાય છે. શુભ હેતુથી થતું શુભ કાર્ય સતત ચાલુ રહે તે માટે વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને પરિવર્તનો કરવાં જરૂરી હોય છે.

જો પાંજરાપોળનું ગૌશાળામાં અને તેથી આગળ વધીને ગોધામમાં રૂપાંતર કરાય તો પાંજરાપોળ સંસ્થા તરીકે સધ્ધર પણ થાય અને ગોરક્ષા અને ગોસંવર્ધનનાં કાર્યમાં વેગ આવે. માત્ર દાન, અનુદાન કે ફંડફાળા પર આધાર રાખવાને બદલે કમાણી ઊભી કરી શકે. ભારતમાં ૩૬૦૦થી વધુ અને ગુજરાતમાં ૨૫૬થી વધુ પાંજરાપોળો ગોસેવાનાં કાર્યો કરે છે. મોટાભાગની પાંજરાપોળો પાસે ખેડાણ જમીન છે, પૂરતી સંખ્યામાં પશુઓ છે છતાં એમને ક્યારેક લાચાર સ્થિતિના ભોગ બનવું પડે છે. સરકારી લાભ પણ થાગડથીગડ જ સાબિત થાય છે. કાયમી ઉકેલ તો સ્વાશ્રય દ્વારા સ્વનિર્ભર બનવાનો જ છે ને તે માટે સહિયારા પ્રયત્નોની આવશ્યકતા છે.

પહેલાં તો ગૌશાળા કે પાંજરાપોળને બદલે ગોધામ શબ્દનો પ્રયોગ શરૂ કરવો. તેનાથી ચીલાચાલુ અભિગમ તેમ જ માનસમાં આવકાર્ય પરિવર્તન આવતું જશે. ગોધામમાં પ્રગતિ સતત દેખાવી જોઈએ. ખર્ચાળ કે આડંબરી આયોજનને બદલે પ્રકૃતિ પ્રતિબિંબિત થાય તેવી સંરચના કરવી જોઈએ.

તે પછી ગોધામનો વ્યવસ્થિત પ્રોજેક્ટ બનાવવો જોઈએ. તે માટે તજજ્ઞોની સેવાનો ઉપયોગ કરવો જોઈએ. ભારતમાં છએક લાખ ગામડાં માટે ૩૬૦૦ ઉપરાંત પાંજરાપોળો કાર્યરત છે ને ગુજરાતમાં અઢારેક હજાર ગામડાં માટે ૨૫૬ પાંજરાપોળ કાર્યરત છે. આ બધાને સધ્ધર અને સંનિષ્ઠ અગ્રણીઓની સેવાઓ મળે છે છતાં રાજસ્થાનના પથમેડા ગોધામ જેવી સંસ્થા ભાગ્યે જ જોવા

મળે છે. પાંજરાપોળોના સૂત્રધારોએ પરસ્પર સહાયથી ઊણપો દૂર કરવાનાં પગલાં લેવાં જોઈએ.

સમસ્ત મહાજનના સ્તુત્ય પ્રયાસથી વઢવાણ પાંજરાપોળની ૧૩૩૦ એકર જમીનમાંથી ગાંડોબાવળ કાઢી નાખી તળાવ બનાવ્યું, જમીનનું ધોવાણ થતું અટકાવવા અને પશુંઓને છાંયડો મળે તે માટે વૃક્ષો વાવ્યાં. તેની જેમ મોરબી પાંજરાપોળમાં પણ ૨૨૦૦ એકર જમીનમાં સુધારણા થઈ છે. ગુજરાતની પાંજરાપોળો પાસે પોણોલાખ એકર જમીન છે. તેનો સદુપયોગ થાય તેવું આયોજન થવું જોઈએ.

## ૧૬. ગાયને રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન આપો

ભારતમાં ૧૯૫૨માં સિંહને રાષ્ટ્રીય પ્રાણી તરીકેનું સન્માન મળ્યું. ૧૯૭૨માં એ ફેરવીને વાઘને રાષ્ટ્રીય પ્રાણી બનાવ્યો. આ પસંદગી કે ફેરફાર કયા ધોરણે થાય છે ? એક સહજ પ્રશ્ન એ થાય છે કે રાષ્ટ્રીય પ્રાણી વાઈલ્ડ જ હોવું જોઈએ ? ડૉમેસ્ટિક પ્રાણી ન ચાલે ? રાષ્ટ્રની જનતા કયા પ્રાણી સાથે સવિશેષ સંકળાયેલી છે તેનું મહત્ત્વ ખરું ? જો ભારતીય સંસ્કૃતિ અને લોકલાગણીને પ્રતિબિંબિત કરવાની હોય તો ગાયને રાષ્ટ્રીય પ્રાણી કહી શકાય. બ્રાઝિલમાં ભારતની ગીરની ગાયને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો આપ્યો છે. સ્વિટ્ઝરલૅન્ડનું રાષ્ટ્રીય પ્રાણી ગાય છે. આપણે તો ગાયને માતા કહીએ છીએ, ભારે ફાયદો આપનાર વ્યવસાય કે વ્યક્તિને દૂઝણી ગાય કહીએ છીએ તો ગાયને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો કેમ નથી આપતા ?

યાંત્રિક વિકાસે આપણને ઘણું આપ્યું છે છતાં આજે સર્વત્ર અજંપો પ્રવર્તે છે. આજે આપણને જરૂર છે આધ્યાત્મિક વિકાસની. ગોવંશી વિકાસ જ આપણને આધ્યાત્મિક વિકાસ આપી શકશે. ગોવંશી વિકાસના પ્રતીક સમી ગાયને રાષ્ટ્રીય પ્રાણી તરીકે માન્યતા મળે તે સર્વથા યોગ્ય છે.

# ૧૭. ભારતની દૂધાળ ગાયો અને વૃષભ ગાયો

પરદેશી નિષ્ણાતો ભારતની ગાયનું હાઈ મિલ્કર અને પુઅર મિલ્કર એવું વર્ગીકરણ કરે છે એ બરાબર નથી. ભારતની ગાય બે પ્રકારની છે દૂધાળ ગાય અને વૃષભ ગાય. દૂધાળ ગાય પુષ્કળ દૂધ આપે છે અને વૃષભ ગાય દૂધ ઓછું આપે છે, પણ ખડતલ બળદો આપે છે.

બંને પ્રકારની ગાયો ખૂબ ઉપયોગી છે. અને બંને પ્રકારની ગાયો ગૌમૂત્ર અને છાણ તો આપે જ છે.

**દૂધાળ ગાય :**

- હળલીકર - કર્ણાટક, મધ્યમ દૂધ.
- આંધ્ર ગાય - દૂધમાં મધ્યમ, મોટી ખૂંધવાળા બળદ આપવા માટે પ્રખ્યાત છે.
- ગીર - કાઠિયાવાડ સૌરાષ્ટ્ર, આ ગોવંશ સુંદર છે. પુષ્કળ દૂધ અને ખડતલ બળદો માટે પ્રખ્યાત છે.
- દેવની - ગીર ઓલાદને મળતી આવે તેવી આંધ્રની ગાય. પુષ્કળ દૂધ અને ખડતલ બળદો આપે છે.
- મહેવાતી - અલવર અને ભરતપુર. મધ્યમ દૂધ, ખડતલ બળદ આપે છે.
- નિમાડી - નર્મદા ખીણપ્રદેશની ગાય. પુષ્કળ દૂધ આપે છે.
- કાંકરેજ - ગુજરાતની કદાવર ગાય. પુષ્કળ દૂધ અને ખડતલ બળદો આપે છે.
- થરપારકર - કચ્છ, રાજસ્થાનના રણવિસ્તારની ગાય. પુષ્કળ દૂધ અને ખડતલ બળદો આપે છે.
- ગૌલવ - નાગપુર, વર્ધાની આસપાસ. મધ્યમ કદ અને શક્તિશાળી.
- હરિયાણા ગાય - દિલ્હીથી મથુરા સુધી ફેલાયેલી છે. પુષ્કળ દૂધ, ખડતલ બળદ આપે છે.

- હંસી હરિયાણા - ખડતલ બળદ આપે છે.
- ઓંગોલ - તમિલનાડુની પ્રખ્યાત ગાય.
- રાંઠી - રાજસ્થાન. મધ્યમ કદની, દૂધાળ.
- શાહીવાલ - પંજાબ.
- સીરી - હિમાલયના પર્વતીય પ્રદેશની ગાય. કદમાં નાની પણ પુષ્કળ દૂધ આપે.

**વૃષભ ગાય :**

- મૈસૂરની લાંબાં શિંગડાંવાળી ગાય.
- અમૃતમહાલ ગાય શ્રેષ્ઠ બળદ આપે છે. મૈસૂરના મહારાજા તોપો ખેંચી જવા અમૃતમહાલ બળદોનો મોટો કાફલો રાખતા.
- કાંગાયમ - દક્ષિણ ભારતમાં બળદો માટે પ્રખ્યાત.
- ખિલારી - તાપી ખીણમા, મહારાષ્ટ્રમાં.
- બારગુર - મદ્રાસમાં કોઈમ્બતુર પાસે. દોડવામાં ઝડપી બળદો આપે.
- આલમબાદી - મદ્રાસમાં કોઈમ્બતુર પાસે. ચપળ અને ખડતલ બળદો આપે.
- ડાંગી - ડાંગ, અહમદનગર, નાસિક, ધરમપુર, વાંસદા. કદમાં નાની, ઓછું દૂધ આપે પણ ચોખાનાં ખેતરોમાં વરસાદમાં થાક્યા વગર કામ કરતાં બળદો આપે.
- માલવી - માળવા અને મધ્યપ્રદેશ, આંધ્ર. બહુ ભારે નહીં તેવાં ગાડાં ખેંચવા માટે ઉત્તમ બળદો આપે.
- નાગોર -જોધપુરના ઉત્તરપૂર્વે થતી આ ગાયો ઝડપથી દોડનારા બળદો આપવા માટે પ્રખ્યાત છે.
- બચૌર - બિહાર.
- પોણવાર, કેનવારીયા, ખેરીગઢ - ઉત્તર પ્રદેશ
- ધણની, રોઝાણ - પંજાબ.

# ૧૮. ગાય માટે શહેરી નાગરિકો શું કરી શકે ?

- પહેલી રોટલી અને ભોજનનો પહેલો ભાગ ગાય માટે રાખો.
- રસોઈમાં વપરાતાં શાકભાજી, ચાની પત્તી, બચેલી રોટલી, દાળશાક વગેરે ગાયને જરૂર આપો.
- સંભવ હોય તો એક ગાય પાળો. તેનું નામ રાખો અને તેની ઘરના સભ્યની જેમ માવજત કરો.
- દેશી ગાયનાં ઘી-દૂધ અને તેનાં પંચગવ્યમાંથી બનેલી દવાઓ વાપરવાનો આગ્રહ રાખો.
- લગ્નપ્રસંગે બચેલી સામગ્રી ફેંકવાને બદલે ગૌશાળાઓમાં મોકલી દો.
- માંગલિક પ્રસંગો પર ગાયમાતા માટે મંગળનિધિ કાઢો.
- ગાયસેવા હેતુ માટે નીકળતાં પત્રપત્રિકાઓ અને સાહિત્ય જરૂર મગાવો.
- ઘરની બહાર ગાયો માટે પાણીની કૂંડી રાખો. તેને સાફ રાખો. પાણીમાં એક મૂઠી મીઠું જરૂર નાખો.
- ગાયનું ખાવાનું પ્લાસ્ટિકની થેલીમાં ન ફેંકો. ગો-વિજ્ઞાન પોતે જાણો અને બધાને તે માટે પ્રોત્સાહિત કરો.
- ગાયને અસહાય સ્થિતિમાં જોઈ અણદેખ્યું ન કરો. કોઈ સુરક્ષિત સ્થળે પહોંચાડી દો. પોતાની કમાણીમાંથી ગાયનો ભાગ કાઢો. બાળકને પણ ગલ્લો આપી ગાય માટે બચત કરવા કહો.
- શિક્ષણપાઠ્યક્રમોમાં ગાયનો વિષય ઉમેરવા માટે થતા પ્રયત્નોમાં સાથ આપો.

# ૧૯. ગાય માટે કોણ શું કરી શકે ?

બધા બધું કરી ન શકે અને બધા બધું કરવા માંડે તો શંભુમેળો જ સર્જાય. આમ છતાં સમાજને સ્પર્શતા કાર્યમાં સહુનું યોગદાન જરૂરી હોય છે. સદીઓથી વિવિધ રીતે આપણી સેવા કરી રહેલા ગોવંશ માટે આપણે શું કરી શકીએ ?

- ગોપ્રેમી જો સંપન્ન હોય તો ગોવંશની સેવા અર્થે પુસ્તક તૈયાર કરાવે, છપાવે અથવા અગાઉ પ્રગટ થયેલાં ગોવંશ વિશેનાં સારાં પુસ્તકો ભેટ આપે.
- પોતાનાં સમય અને શક્તિનો લાભ નજીકની ગૌશાળા કે પાંજરાપોળને આપે.
- ગોવંશ ઉત્પાદિત ચીજો જ વાપરે
- દૂધ-ઉત્પાદક માલધારીઓને પૂરતાં પ્રમાણમાં ઘાસચારા અને ખાણદાણ માટે પૈસાની મદદ કરે કે પછી વગર વ્યાજે ધિરાણ કરે કે પછી દૂધમાં પૈસા ચૂકવાય તેવી ગોઠવણ કરે.
- ખેડૂતોને સહિયારા પ્રયાસોનું મહત્ત્વ સમજાવે.
- સુજ્ઞ દાનીઓ પાંજરાપોળ કે ગૌશાળાને રોકડ દાન આપવાને બદલે સંસ્થા માટે જરૂરી બાંધકામ, ખેતતલાવડી, કૂવો, પાણીની બોર, ટપકની સિંચાઈ, ઉપયોગી સાધનો, બાયેગૅસ પ્લાન્ટ, સૂર્યઊર્જા પ્લાન્ટ વગેરે માટે સહાય આપવાનો ચીલો પડે.
- રઝળતાં પશુઓ વાહનો માટે સમસ્યારૂપ હોય છે પણ તેમને પકડવાં ને નજીકની ગોશાળા કે પાંજરાપોળમાં પહોંચાડવાં મુશ્કેલ હોય છે. તેની વ્યવસ્થામાં મદદરૂપ થઈ શકાય.
- યાંત્રિક કે રાસાયણિક ખેતીથી થતો ખર્ચ તેમ જ અન્ય દુષ્પરિણામોની જાણકારી તેમ જ ગોવંશથી થતી સેન્દ્રિય ખેતીના લાભ, અન્ય ગોવંશી ઉપયોગી ઉત્પાદનો વગેરેની વૈજ્ઞાનિક માહિતી અને વ્યાવહારિક સૂચનો તેમ જ કૃષિવિદો કે પ્રયોગશીલ ખેડૂતો દ્વારા

થયેલાં સંશોધનો વગેરેની અદ્યતન માહિતી રસપ્રદ સ્વરૂપે સતત ઉપલબ્ધ રહે તેવાં પ્રકાશનો, પ્રદર્શનો, પ્રવચનો વગેરેની વ્યવસ્થા સરકાર કે સક્ષમ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થતાં રહેવા જોઈએ.

- આ અંગે શિબિરો અને પરિષદોનું આયોજન વખતોવખત થવું જોઈએ.

## ૨૦. ગાય વિશે બાળકોને શું કહેશો ?

- ગાયનો અર્થ ભારતીય જાતિની દેશી ગાય છે. સંકર જાતિની ગાય જેવી કે જર્સી, હોલિસ્ટન, નીલગાય વગેરેને ગાય ન કહી શકીએ કેમ કે એ બધાનો ઉપયોગ કૃત્રિમ દૂધ ઉત્પાદન માટે થાય છે.
- ગાયની ખૂંધમાં સૂર્યકેતુ નાડી છે. તે સૂર્યના પ્રકાશથી જાગૃત થાય છે. તેમાંથી નીકળતાં પીળાં રંગનાં તત્ત્વ દૂધમાં ભળવાથી દૂધ પીનારની રોગપ્રતિકારક શક્તિ વધે છે.
- પંજાબ કેસરી મહારાજા રણજિતસિંહના શાસનમાં ગોહત્યા પર મૃત્યુદંડ અપાતો હતો.
- દુનિયાના અમુક દેશોએ ટ્રેકટર છોડી બળદ દ્વારા થતી ખેતી શરૂ કરી છે.
- ભારતની સંસ્કૃતિના મધ્યબિંદુમાં ગાયનું સ્થાન મહત્ત્વપૂર્ણ હતું તેથી વિદેશી શાસકોએ મંદિર તોડવા સાથે ગાયોનો પણ સંહાર કર્યો હતો.
- માના દૂધ પછી શ્રેષ્ઠ આહાર ગાયનું દૂધ છે. તેના ગુણોનું વર્ણન ચરકસંહિતામાં છે. માના દૂધમાં ૧.૨ ટકા પ્રોટીન હોય છે, ગાયના દૂધમાં ૩.૩ ટકા હોય છે. માના દૂધમાં પાણીની માત્રા ૯૯.૯ ટકા હોય છે, ગાયના દૂધમાં ૯૭ ટકા હોય છે. માના દૂધમાં ૩.૪ ટકા ચરબી હોય છે અને ગાયના દૂધમાં ૪.૧ ટકા. માના દૂધમાં ૭ ટકા શર્કરા હોય છે ને ગાયના દૂધમાં ૫ ટકા. માના દૂધમાં ૬૫ ટકા કેલરી હોય છે જ્યારે ગાયના દૂધમાં ૬૭ ટકા. ગાયના દૂધમાં વિટામિન અને ખનિજનું પ્રમાણ પણ સારું હોય છે.

- ૧૦ વર્ષ પછી ગાયના ઘીને જૂનું કહે છે. ૧૧૧વર્ષ જૂના ઘીને કુંભસર્પિ અને ૧૧૧ વર્ષથી વધારે જૂના ઘીને મહાસર્પિ કહે છે. ઘા સૂકવવા માટે તેમાં ગાયના જૂના ઘીમાં પલાળેલી વાટ મૂકવામાં આવે છે. ગાયના જૂના ઘીથી માથાનો દુ:ખાવો, કાનનો દુ:ખાવો, તાવ, મૂર્છા અને કૃત્રિમ ઝેરનો પ્રભાવ દૂર થાય છે.
- ઘરમાં ગોબરનું લીંપણ થાય ત્યાં પરમાણુ વિકિરણનો દુષ્પ્રભાવ જણાતો નથી.
- ગોબર ગેસ પ્લાન્ટમાંથી બનતા ગેસથી ઈંધણ, પ્રકાશ અને વિદ્યુત ઉત્પન્ન થાય છે. ગેસ બની ગયા પછી વધેલો પદાર્થ જૈવિક ખાતર તરીકે વાપરવામાં આવે છે. ગાયનાં તાજાં છાણને કપડામાં ગાળી નિચોવવાથી જે મળે છે તેને ગોમય કહે છે. ગૌરી ભગવતીની મૂર્તિ ગાયનાં છાણમાંથી બનાવવામાં આવે છે.
- છાણ અને ગૌમૂત્રમાંથી ૩૦થી ૫૦ પ્રકારની દવાઓ બનાવવામાં આવે છે. તેનાથી કૅન્સર, હૃદયરોગ, કિડનીના રોગો, ક્ષય અને પેટની બધી બીમારીનો ઈલાજ થાય છે.
- લાલસિંધી, રાઠી, સાહિવાલ અને ગીર પ્રજાતિની ગાયો વધારે દૂધ આપવા માટે પ્રસિદ્ધ છે.

## ૨૧. ગૌ-વિજ્ઞાન : ફરી સજીવન થતી ભારતની વિદ્યા

સદીઓથી ગાયને આપણે માતા માનતા આવ્યા છીએ. ગાયના કામધેનુ સ્વરૂપને સ્વયં ભગવાને પોતાનું સ્વરૂપ ગણ્યું હતું. આપણાં શાસ્ત્રો ગાયને જીવનના એક હિસ્સા તરીકે જુએ છે.

ગૌ-વિજ્ઞાન એટલે કે ગૌ આયુર્વેદ એક વિશિષ્ટ વિદ્યાશાખા છે, જેમાં ગૌદુગ્ધ, ગૌમૂત્ર, ગોમય, છાણ અને ગોઘૃત ચિકિત્સા સંદર્ભે અનેક ઉપયોગી અને સચોટ સંશોધનો થયાં છે. વૈદકશાસ્ત્રના આધારે તેની ઉપયોગિતા વિશે લખવા બેસીએ તો મોટો ગ્રંથ તૈયાર થાય. ઉપરાંત ખેતી, શરીરરક્ષણ, સ્વચ્છતા, વેપાર વગેરે મુદ્દા પણ વિચારીએ તો ગાયની ઉપયોગિતા સમજાય. મર્યા પછી

પણ ગાય આપણને ગોરોચન જેવું વ્યાધિનાશક અમૃત આપે છે. આપણા પૂર્વજોનો આપણે ખૂબ આભાર માનવો જોઈએ કે તેઓ ગાયને આ રીતે સમજ્યા અને એ જ્ઞાન આપણને પણ આપતા ગયા. આ જ્ઞાન આપણે ભૂલી ન જઈએ તે માટે તેનું ધર્મ સાથે સંયોજન કરી આપ્યું.

આપણા આ જ દેશમાં આજે ગાયોની કતલ થઈ રહી છે. પરંતુ હવે આહાર, પોષણ, સ્વાસ્થ્ય, ચિકિત્સા, કૃષિ, ઊર્જા અને પર્યાવરણરક્ષા સંબંધે ગાયની સર્વોપરિતા સ્થાપવાના પ્રયત્નો થઈ રહ્યા છે. એટલું જ નહીં, સ્વાસ્થ્ય અને ચિકિત્સા સંદર્ભે પશ્ચિમ પણ આકર્ષિત થયું છે.

ગાયનું દૂધ : યક્ષ ધર્મરાજ યુધિષ્ઠિરને પૂછે છે કે પૃથ્વી ઉપર અમૃત કયું છે? ત્યારે યુધિષ્ઠિર જવાબ આપે છે કે દૂધ. સર્વ દૂધમાં માતાનું દૂધ શ્રેષ્ઠ છે અને માતાના દૂધ પછી ગાયનું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મીઠું, સ્નિગ્ધ, બળ અને કાંતિ દેનારું, પુષ્ટિકર, વીર્યવર્ધક અને અનેક રોગોનો નાશ કરનારું છે. તેને ગરમ કરીને, ઠંડું પાડીને પીવું જોઈએ.

ગાયનું દહીં: ગાયનું દહીં સાદું, બળ વધારનાર, રુચિકર, તેજસ્વી, પૌષ્ટિક, દાહક, ઠંડું અને વાતાર્શનું નાશક છે. દહીં મંદ, સ્વાદુ, સ્વાદ્વમ્લ, ખાટું અને અતિખાટું એમ પાંચ પ્રકારનું છે. દરેકના પોતપોતાના ગુણ અને પ્રભાવ છે તેમ જ તેનાથી અનેક રોગોનો નાશ થાય છે. દહીં, મધ અને માખણ ત્રણ-ત્રણ તોલા અને પીપર, સૂંઠ, વજ, સિંધવનું વસ્ત્રગાળ ચૂર્ણ ત્રણ તોલા લઈ સર્પદંશ થયેલી વ્યક્તિને ત્રણ-ત્રણ માત્રામાં આપવાથી સાપનું ઝેર ઊતરી જાય છે. નિતારેલા દહીંથી સોજો અને દાહ મટે છે.

ગાયનું માખણ : ગાયનું માખણ શીતળ, ધાતુવર્ધક, વૃષ્ય, કાંતિ વધારનાર, ગ્રાહક, બલપ્રદ, બાળક અને વૃદ્ધને માટે રુચિકર, મધુર, આંખનું તેજ વધારનાર, પુષ્ટિકર અને અનેક રોગોનો નાશ કરનાર છે.

ગાયની છાશ : ખાટા ઓડકાર, મોંનાં ચાંદાં કે રક્તપિત્તમાં અકસીર ગણાતી ગાયની છાશ સ્વાદિષ્ટ, મધુર, બલપ્રદ, મેદહારી, કફનાશક, વાતનાશક અને પિત્તહારી છે. તેનાથી પાંડુરોગ, અતિસાર જેવા અનેક રોગો દૂર થાય છે. માખણવાળી, માખણ કાઢી લીધેલી, જાડી, પાતળી, ખાટી, મોળી અને ઘોળવું દરેક પ્રકારની છાશના જુદાજુદા ગુણ છે.

ગાયનું ઘી : ગાયનું ઘી સ્વાદું, શીત, ગુરુ, જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર, સ્નિગ્ધ, સુગંધી, રુચ્ય, નેત્ર્ય, કાંતિકારક, વૃષ્ય તેમ જ બુદ્ધિ, લાવણ્ય, તેજ અને

બળ આપનાર છે. તાજું ઘી, દસ વર્ષ જૂનું ઘી, સો(દસ વર્ષથી વધારે જૂનું ઘી), કૌંભ (હજાર વર્ષ સુધીનું ઘી) ને મહાઘૃત(અગિયારસો વર્ષથી વધારે જૂનું ઘી) આમ ઘીના પ્રકાર છે અને દરેકના ગુણ તેમ જ પ્રભાવ છે. ચામડીના દર્દોમાં ધોયા વિનાનું ઘી વાપરવું નહીં અને ખાવામાં કદી ધોયેલું ઘી વાપરવું નહીં.

ગૌમૂત્ર : ગૌમૂત્ર તૂરું, તીખું, કડવું, લઘુ, ખારું, ગરમ, તીક્ષ્ણ, અગ્નિદીપન, ભેદક, પિત્તલ, બુદ્ધિદાયક, મધુર, સારક અને કફ, વાયુ, કુષ્ઠ, ગુલ્મ, જેવા અનેક રોગોનો નાશ કરનાર છે.

ગાયનું છાણ : ગાયનું છાણ દુર્ગંધનાશક, શોધક, સારક, બીજવર્ધક, પોષક, રસવાન, કાંતિકર અને લેપનને માટે સ્નિગ્ધ તથા મળ વગેરે કાઢનાર છે. તેનાથી રતાંધળાપણું, ખરજવું, આમળ જેવા હઠીલા રોગો દૂર થાય છે.

છાણની રાખ : છાણની રાખ શોધક, વ્રણરોપણ કરનારી, રોચક, દુર્ગંધનાશક, ધાન્યવર્ધક, કૃમિકીટઘ્ન અને શીતનિવારક છે. શીતળા પર છાણની ચોખ્ખી રાખ કપડાથી ચાળીને લગાડવામાં આવે છે. બળતાં છાણાંને પાણીમાં ઠારી કોયલા કરવા અને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું - આ ચૂર્ણ દાંતના સર્વ રોગ મટાડે છે.

## ૨૨. ગાય અને કાઉ

ગુજરાતીમાં જેને ગાય કહે છે તેને જ અંગ્રેજીમાં કાઉ કહે છે એમ વર્ષો સુધી આપણે માનતા હતા. આજે પણ ઘણા લોકો ગાય અને કાઉને એક જ ગણે છે, પણ જીવવિજ્ઞાનની દૃષ્ટિએ આ બંને એક જ નથી. ગાય અને કાઉ સરખા દેખાય છે પણ તેમનાં દેખાવ અને પ્રાકૃતિક રચના વચ્ચે પાયાના ભેદ છે. આ ભેદને સમજી લેવા જોઈએ.

આપણે જાણીએ છીએ કે પૂર્વની ગાયોને ખૂંધ હોય છે, પશ્ચિમની કાઉની પીઠ સીધી, ખૂંધ વગરની હોય છે. એશિયા અને આફ્રિકાનો પીઠ પર ખૂંધવાળો ગોવંશ બોસઈન્ડિક્સ વર્ગમાં આવે છે જ્યારે યુરોપનાં ખૂંધ વગરનાં પ્રાણીઓ બોસટોરસ વર્ગમાં આવે છે. પૂર્વના ગોવંશથી પશ્ચિમનાં આ કાઉ પ્રાણીઓ અન્ય રીતે પણ જુદાં પડે છે.

આપણાં શાસ્ત્રો કહે છે કે ખૂંધવાળાં પ્રાણીઓમાં સૂર્યકેતુ નાડી હોય છે, જ્યારે ખૂંધ વગરનાં પ્રાણીઓ સૂર્યકેતુ નાડી ધરાવતાં નથી. ભારતનો ગોવંશ ખૂંધવાળો છે જેથી તેમનું શરીર વિશેષ પ્રમાણમાં સૂર્યશક્તિ ગ્રહણ કરે છે. તેનાથી તેમના શરીરમાં સુવર્ણપિત્ત બને છે જેનો અંશ તેનાં દૂધ, મૂત્ર તેમ જ છાણમાં ઊતરે છે અને એને વધુ ગુણકારી બનાવે છે. વિદેશી કાઉનાં દૂધ વગેરેમાં આ ગુણ હોતો નથી.

ખૂંધવાળો ગોવંશ વધુ સમજ અને સંવેદના ધરાવે છે. તેથી તેમનામાં પ્રેમ, વફાદારી જેવા ગુણો હોય છે. ભારતની ગાયો માલિકનો હાથ વરતી જાય છે, માલિક પરિવારનાં સુખદુ:ખને સમજી શકે છે. ગાયનું વાછરડું ધણમાંથી પોતાની માને શોધી શકે છે. બળદ અને ધણખૂંટ માલિકના ઈશારા સમજે છે અને તેના આદેશનું પાલન કરે છે. આ સમજ કાઉવંશનાં પ્રાણીઓમાં નથી હોતી. ગાય સત્ત્વગુણી જીવ છે, એથી દેશી ગાયનાં દૂધ-ઘી-દહીં પણ સત્ત્વગુણી છે. જર્સી-એચએફ વગેરે કાઉ વંશનાં પ્રાણીઓ જડબુદ્ધિ હોવાને લીધે તેમનાં દૂધમાં પણ જડત્વનો ગુણ વિશેષ છે.

ગાય અને કાઉના શારીરિક બંધારણમાં ખૂંધ સિવાયની પણ અસમાનતાઓ છે. બંનેના અવાજ જુદા છે. બંનેના કાનના આકારમાં, ચહેરામાં, આંતરઅવયવોનાં બંધારણમાં ફરક છે. કાઉનાં આંતરડાં ટૂંકાં હોય છે. ટૂંકાં આંતરડાંવાળાં પ્રાણીઓ ઓછા સમયમાં ખૂબ ખોરાક ખાય છે અને તેમનું દૂધ પચવામાં ભારે અને અલ્પગુણી હોય છે. ગાયનાં આતરડાં લાંબાં હોવાથી તે ઓછું ખાઈને મહત્તમ દૂધ આપે છે. કાઉને પરસેવો ઓછો વળે છે અને ગાયને પરસેવો ખૂબ જ થાય છે. આમ થવાથી ગાયના શરીરમાંની અશુદ્ધિ, ઝેરી રસાયણો બહાર નીકળતાં રહે છે અને એટલા પ્રમાણમાં તેનું દૂધ વધારે શુદ્ધ થતું જાય છે. કાઉના શરીરમાં તેમ થતું નથી. તેના શરીરમાંનાં હાનિકારક તત્ત્વો દૂધમાં ભળેલાં રહે છે.

આમ ગાય અને કાઉ એ બે ભિન્ન વર્ગનાં પ્રાણીઓ છે, ગાયને કાઉ અને કાઉને ગાય સમજવી એ અજ્ઞાનતા છે. માત્ર દૂધ આપવાથી અને ક્રોસબ્રિડિંગ થઈ શકતું હોવાથી બંને પ્રાણીઓ એક જ વર્ગનાં નથી થઈ જતાં. કાઉના દૂધને ગાયનું દૂધ, તેના મૂત્રને ગૌમૂત્ર અને તેનાં છાણને ગોબર સમજવાની ભૂલ કરવી નહીં.

જર્સી ગાયનું મૂળ વતન આયર્લૅન્ડ છે અને એચએફ-હોલસ્ટિનનું વતન હૉલેન્ડ છે. આ દેશોના ઉનાળા પણ આપણા શિયાળાથી વધારે ઠંડા હોય છે.

આ પ્રાણીઓ અહીંના વાતાવરણમાં માંદાં પડી જાય છે. આપણો ગોવંશ અહીંની આબોહવાથી ટેવાઈ ગયેલો હોય છે. એમને આપણા સ્વાર્થ માટે અહીં લાવવા ને પાળવાં એ અયોગ્ય અને અપ્રાકૃતિક છે.

## ૨૩. ગાયને સમજો

ગૌશાળાના કાર્યકર્તા માટે એ બહુ જ જરૂરી છે કે તે ગાયના વર્તનને સમજે. તેને માટે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખવાની જરૂર છે :

- ગાય પોતાની પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ કરી શકે છે. ઇન્દ્રિયો દ્વારા સામી વ્યક્તિને જાણવાની તેની ખાસ રીત છે. કોઈ સામેથી આવે તે તેને સૌથી વધારે અનુકૂળ આવે છે. એવે વખતે તે નીચું માથું કરીને સામેની વ્યક્તિને જોવાનો પ્રયત્ન કરે છે. પણ જો એને બદલે કોઈ ગાયના શરીરની બે બાજુથી નજીક આવવાનો પ્રયત્ન કરે તો તેને બહુ ગમતું નથી, પણ તે ગભરાતી કે વિચલિત થતી નથી.
- ગાયોને અજવાળું પસંદ છે. તેમને અજવાળાવાળી જગ્યાએ રહેવું ગમે છે. જો તેમને અંધારામાં રાખવામાં આવે તો તે અજવાળા તરફ જવાનો પ્રયત્ન કરે છે.
- ભારે કે ઊંચા અવાજ ગાયને ગમતા નથી. એવે વખતે એ ગભરાય છે કે વિચલિત થાય છે.
- ગાયોની સૂંઘવાની શક્તિ અત્યંત તીવ્ર હોય છે. પેશાબ કે છાણની વાસથી તે દૂર રહે છે. ગૌશાળામાં ગાયને ચોખ્ખી જગ્યાએ રાખવાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.
- ગાયો ફક્ત ચાર પ્રકારના સ્વાદ અનુભવી શકે છે : ગળ્યો, ખારો, કડવો અને તીખો. સ્વાદ પારખવાની તેની શક્તિ અત્યંત તીવ્ર હોય છે.
- અજાણ્યા અવાજો, અજાણી સુગંધ કે અચાનક થતા ફેરફારથી ગાય તરત ગભરાય છે.

- રોજિંદી ક્રિયાઓ ગાય સરળતાથી સ્વીકારી લે છે. પણ જો એ ક્રમ તૂટે તો તેને ગભરાટ થાય છે. ગાયની યાદશક્તિ અત્યંત સતેજ હોય છે. તેને બળજબરીથી બળપૂર્વક ખસેડવામાં આવે તો તે ગભરાય છે અને માંડ અડધા કલાકે સ્વસ્થ થાય છે. એટલું જ નહીં, એમ કરવાથી તેની પડવાની કે ઘાયલ થવાની સંભાવના વધી જાય છે.
- ગાયને હાંકવાની જરૂર હોતી નથી. ગમતી દિશામાં અને સ્વાભાવિક ઝડપથી ચાલવાની અનુકૂળતા આપવામાં આવે તો તે વ્યવસ્થિત ચાલે છે. એકબીજાને ઓળંગવાનો કે આગળ થઈ જવાનો પ્રયત્ન કદી કરતી નથી.
- પોતાનું શારીરિક દુઃખ ગાય ખુલ્લી રીતે વ્યક્ત કરતી નથી. ગોવાળ ગાયની તકલીફ ને ગાયની રીતે જ અને ગાય જ્યારે પીડામાં હોય ત્યારે સમજે તે જરૂરી છેઃ
  - (અ) માથું નીચે નાખી દે છે. પૂંછડાને પાછલા બે પગ વચ્ચે બાંધી દે છે અથવા પાછલા પગે ચાલે છે.
  - (બ) જે ભાગમાં પીડા થતી હોય તે ભાગને જમીનથી અધ્ધર રાખવાનો પ્રયત્ન કરે છે.
  - (ક) જ્યારે ગાયને આવનાર ભયનો અણસાર આવે ત્યારે એ વિચિત્ર અવાજ કાઢી અન્ય ગાયોને અને ગોવાળને ચેતવવાનો પ્રયત્ન કરે છે.
  - (ડ) અસહ્ય વેદના દરમ્યાન ગાય પગ પછાડે છે અને પૂંછડું જોરથી હલાવે છે.
  - (ઇ) જડબાં હલાવવાં, દાંત ભીંસવા કે ખોરાક ઓછો કરવો જેવી ક્રિયાઓ કરે છે.
- જો ગાય બીમાર હોય કે અકળાયેલી હોય અથવા તો ગૌશાળામાં ક્ષમતા કરતાં વધારે ગાયો ભરવામાં આવી હોય તો ગાય ઘડી ઘડી જીભ બહાર કાઢે છે, બીજી ગાયના શરીર પર ચડી જાય છે અને મનુષ્ય પ્રત્યે હુમલાખોર બને છે.
- જો ગાયને વધુ પડતો ખોરાક આપવામાં આવે અથવા એ જો કંટાળેલી હોય તો મોઢામાંથી ચારાને પાડી દે છે કે પછી પગથી ચારાને ઉછાળે છે.

- ગાયના પૂંછડાનું હલનચલન ઘણી બાબતો વ્યક્ત કરે છે જેમ કે પેશાબ કરતી વખતે એ પૂંછડું ઊંચું કરે છે. જો તે આસપાસના વાતાવરણથી ગભરાયેલી હોય તો પૂંછડું પગ વચ્ચે દબાવે છે. માસિક સ્રાવ દરમિયાન એ વારંવાર પૂંછડું ઊંચું કરતી રહે છે. શરીર પરથી રજ ખેરવવા કે માખી કે બીજાં જંતુઓને ઉડાડવાં માટે પણ તે પૂંછડાનો ઉપયોગ કરે છે. પૂંછડું ઘુમાવીને તે નારાજગી પણ વ્યક્ત કરે છે.
- આરામ કરતી વખતે ગાય પેટને જમીનસરસું રાખે છે અને માથું ઊંચું રાખીને બેસવાનું પસંદ કરે છે.
- ગૌશાળામાં દરેક ગાયને પૂરતી જગ્યા મળે તે બહુ જરૂરી છે. નવી આવનાર ગાય ૨૪થી ૭૨ કલાકમાં ગોઠવાઈ જાય છે. ગાયનાં ઉંમર અને કદ પ્રમાણે ગાયનું ધણ તેના નાયકને સ્વીકારી લે છે.
- ગાય આપણે ધારીએ તે કરતાં ઘણી સમજુ અને ડાહી હોય છે. ભલે તેની ચાલ ધીમી હોય પણ નવા સંજોગોને તે તરત સ્વીકારી લે છે.
- ગાયની યાદશક્તિ અત્યંત તીવ્ર હોય છે. એ પોતાના ધણની અન્ય ગાયોને તેમ જ પોતાના ગોવાળને ઓળખવામાં કદી ભૂલ નથી કરતી.
- ગાય તેના વાછરડાનો અવાજ ઓળખે છે. વાછરડું પણ તેની માને ઓળખતું હોય છે. જો બચ્ચું મરી જાય કે જુદું પાડવામાં આવે તો ગાય બહુ આક્રંદ કરે છે.
- ગાય રોજના ૪થી ૫ કલાક જ સૂએ છે, પણ ખાધા પછી બેસીને આરામ કરી લે છે.
- જો ગાય પોતાના જાણીતા ધણમાં હોય તો બહુ ઝડપથી નવું શીખી જાય છે. ધણમાં રહેલી ગાયો એકાંતમાં રહેતી ગાયો કરતાં વધુ ચારો ચરે છે.
- ગાયનું વર્તન ગોવાળના વર્તન સાથે સીધું જોડાયેલું છે. જો ગોવાળ શાંત અને આનંદી હોય તો ગાય પણ શાંત અને પ્રસન્ન હોય છે અને તેને સંભાળવી સહેલી પડે છે.પણ જો ગોવાળ નકારાત્મક ને ક્રોધી હોય તો ગાય ગભરાયેલી અને અકળાયેલી રહે છે.
- ગાયને મારવી, એનું પૂંછડું આમળવું કે ઘાંટા પાડીને ગાયને વઢવું એવા નકારાત્મક વલણથી ગાય ગભરાઈ જાય છે અને દૂધ પણ ઓછું

આપે છે. પણ જો ગાય સાથે સકારાત્મક વલણ દાખવવામાં આવે જેમ કે તેને પંપાળવી, થાબડવી કે પુચકારવી તો તે તંદુરસ્ત, આનંદિત રહે છે અને વધારે દૂધ આપે છે.

ગોવાળે ધ્યાનમાં રાખવાની બાબતો :

- ગોધનની દરેક પ્રવૃત્તિ જેમ કે ગાયને દોહવી, દવાદારૂ કરવાં, આ બધું નિયમિત કરવાથી ગાયો શાંત રહે છે.
- આ પ્રવૃત્તિઓમાં કોઈપણ ફેરફાર થાય તો તેને સ્વીકારતા ગાયને સમય લાગે છે.
- ગાયોને વહાલથી થાબડવામાં આવે કે તેના શરીર પર હાથ ફેરવવામાં આવે તો તે સકારાત્મક પરિણામો આપે છે.
- ગોધણની આસપાસ ઘોંઘાટ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.
- ગાય સામે સતત એકીટસે ન જોવું.
- ગાયને દોહતી વખતે સંભાળથી અને સ્નેહપૂર્વક આકરવું.
- ગાયને એકલી હંકારવાને બદલે શક્ય હોય ત્યાં સુધી તેને ધણમાં જ હાંકવી.
- ગોવાળને દરેક ગાયનો અંગત ખ્યાલ હોવો જરૂરી છે.
- ગાયના વર્તનમાં નાના ફેરફાર થાય તો પણ તે તરત ગોવાળના ધ્યાનમાં આવવા જોઈએ.
- ગૌશાળાના મેનેજરને પણ દરેક પ્રાણીનો અંગત ખ્યાલ હોવો જોઈએ.
- દરેક ગાયનું વર્તન, તેની આરામ કરવાની ને ખાવાપીવાની રીતે, ખોરાકની વધઘટ આ બધા સાથે ગાય કેટલું દૂધ આપશે તેનો સીધો સંબંધ છે.
- નવું જન્મેલું વાછરડું ગાયના આખા ધણમાંથી પોતાની માને ઓળખી જાય છે. વાછરડો કે વાછરડી તેનાં મા-બાપના ગુણો વારસામાં મેળવે છે.
- ગાયમાં અનુકરણશક્તિ સારી હોય છે. ખાવાપીવાનું જ નહીં, જાતીય ક્રિયાઓ પણ ગાય બીજી ગાયોને જોઈને શીખે છે.

• ઘણી વખત ગાયોને કોઈ કારણસર તાણનો અનુભવ થાય છે. તાપમાનનો ફરક, ઘાસચારાનો ફરક કે પછી રહેવાની જગ્યામાં ફરક થતાં ગાયના વર્તનમાં ઘણો ફરક પડી જાય છે. તાણની સ્થિતિમાં ગાય ઓછું ખાય છે અને દૂધ પણ ઓછું આપે છે.

## ૨૪. સ્વનિર્ભર ગૌશાળા

છેલ્લાં થોડાં વર્ષોમાં ગાયો અને ગૌશાળાઓ પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચાયું છે અને બંનેની સ્થિતિ સુધારવાના પ્રયત્નો થાય છે તે સારી વાત છે. પણ આ આખી વાત લાગણીશીલ થઈને નહીં પણ વ્યાવહારિક અને વૈજ્ઞાનિક રીતે વિચારવાની જરૂર છે.

ગૌશાળાનો બધો જ વ્યવહાર દાન પર ચાલતો હોય છે. બહુ ઓછી ગૌશાળાઓ એવી છે જે દાન પર નિર્ભર ન હોય. ક્યારેક લોકો પાસે સમયે સમયે દાન મેળવવામાં આવે છે તો ક્યારેક કોર્પસ ફંડમાંથી ખર્ચ કાઢવામાં આવતો હોય છે. સમય સાથે નિભાવનો ખર્ચ વધતો જાય છે જ્યારે કે કોર્પસ ફંડની રકમમાં વધારો થતો નથી તેથી ગૌશાળાઓની અને તેમાં સચવાતા ગોવંશની સ્થિતિ દયાજનક હોય છે. ક્યાંક શેડ નથી, ક્યાંક ચારો નથી, ક્યાંક પશુઓની સારવારનો પ્રબંધ નથી તો ક્યાંક સ્ટાફની અછત છે. મોટાભાગની ગૌશાળાઓમાં ક્ષમતા કરતાં ઘણાં વધારે પશુંઓને ઠાંસવામાં આવે છે.

કુરુક્ષેત્રની એક ગૌશાળામાં ૨૫૦ ગાયોને સમાવવાની ક્ષમતા છે, પણ તેને બદલે ત્યાં ૬૦૦ ગાયો છે. આમાંની માત્ર ૪ ગાય દૂઝણી છે. ગૌશાળા દાન પર નભે છે. મોટાભાગની ગૌશાળાઓની આ સ્થિતિ છે. આ વ્યવસ્થાને સહજ ભાવે સ્વીકારી લેવાઈ છે, પણ હવેના સમયમાં આ વિચારધારા બદલવી રહી. જો દરેક ગૌશાળા પગભર થવાનો પ્રયત્ન નહીં કરે તો તેનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે. અનેક પ્રાણીઓ નોધારાં થઈ જશે.

એટલે સમય આવી ગયો છે કે ગૌશાળાઓને પગભર થવું જરૂરી બન્યું છે. આ માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે :

• ગાયના છાણમાંથી ગેસ અને વીજળીનું ઉત્પાદન કરવું.

- છાણ અને ચારાનાં મિશ્રણ દ્વારા ખાતરનું ઉત્પાદન કરવું.
- ગાયોનાં પોષણ અને તંદુરસ્તીની કાળજી રાખવી.
- ગાયના દૂધમાંથી દહીં, માખણ, ચીઝ, પનીર વગેરે બનાવી નફાનું ધોરણ વધારવું.
- બળદની શક્તિ દ્વારા વીજળી ઉત્પાદન કરવું.
- જનજાગૃતિ, ફંડફાળા, સરકારી મદદ વગેરે માટે સતત પ્રયાસો કરવા.

**અનુદાન**

ગૌશાળાના માલિકો અને સંચાલકોએ સામાન્ય જનતા સુધી ગૌશાળા અંગેની વિગતો અને માહિતી પહોંચાડતા રહેવું. ગૌશાળાને તેથી લાભ થશે.

પંચાયતના સભ્યો, એમએલએ, એમપી, ગૌશાળાના નિયામકો અને વિદ્યાર્થીઓ આ બધાએ ભેગા થઈને ગૌશાળા માટે કાર્યકરો તૈયાર કરવા અને પોતપોતાની રીતે અનુદાન-પ્રવૃત્તિનો પ્રચાર કરવો. રોટરી, લાયન્સ ક્લબ વગેરે જેવી બીજી સંસ્થાનો સહકાર પણ લઈ શકાય.

આજના ઇન્ટરનેટ યુગમાં એસએમએસ, ઈમેઈલ, ફેસબુક, ટ્વિટર, વગેરે દ્વારા પણ ગૌશાળાની માહિતી ફેલાવી શકાય. શાળાકૉલેજના વિદ્યાર્થીઓ તેમ જ સામાજિક કાર્યકર્તાઓ આ કાર્યમાં પોતપોતાની રીતે શક્તિ મુજબ મદદ કરી શકે.

સમાજમાં જાણીતી વ્યક્તિઓ જેમાં ઉદ્યોગપતિઓ, રમતવીરો તેમ જ ફિલ્મકલાકારો આ કાર્યમાં મહત્ત્વનો ફાળો આપી શકે. શાળા-કોલેજો, રેલવે સ્ટેશન, મંદિર-મસ્જિદ જેવી જગ્યાએ અનુદાન માટેની પેટી રાખી શકાય.

ગૌશાળાનું પેપરવર્ક અને ફાઈલો વ્યવસ્થિત હોવાં જોઈએ. ગૌશાળા સરકારી ચોપડે નોંધાયેલી હોવી જોઈએ, જેથી સરકારી મદદ મેળવવાનું સરળ બને.

ગૌશાળાના સંચાલકોએ બહુ જ ચીવટપૂર્વક આર્થિક વ્યવહાર કરવો જોઈએ જેથી નાણાંનો બગાડ ન થાય. હિસાબ ચોખ્ખા રાખવા અને સમયાંતરે નોટિસબૉર્ડ પર લગાડવા તેમ જ લાગતાવળગતાઓને પહોંચાડવા જેથી સંસ્થાની વિશ્વસનીયતા ટકી રહે. વિશ્વસનીયતા ટકી રહેશે તો જ લોકો મદદ કરવા આગળ આવશે.

# ૨૫. ગોરક્ષા વિષે આચાર્ય વિનોબા ભાવેના વિચારો

યૂયં ગાવો મેદયતા કૃશં ચિત્ અશ્રીરં ચિત્ કૃણુથા સુપ્રતીકમ્ ।
ભદ્રં ગૃહં કૃણૂથ ભદ્રવાચઃ બૃહદ્ વો વય ઉચ્યતે સભાસુ ।।

ઋગ્વેદનો આ શ્લોક ગાયોનો મહિમા વર્ણવે છે. ઋષિ કહે છે, હે ગાયો, તમે મહાન છો કેમ કે તમે કૃશ શરીરને ભરપૂર બનાવો છો. તમારું દૂધ અમૃતતુલ્ય અને કલ્યાણકારી છે. અમે તમને માતા સમાન માનીએ છીએ અને વંદન કરીએ છીએ.

ગાયનું દૂધ ઓછી ચરબીવાળું અને સુપાચ્ય છે. જો દૂધની ગુણવત્તા બરાબર ન હોય તો તે ગાયનો નહીં, માનવીનો દોષ છે. સૌમ્ય પ્રેમપૂર્ણ માવજતથી ગાયના દૂધના જથ્થામાં અને ગુણમાં વધારો થાય છે. ગાયના દૂધથી શરીર કાંતિમાન અને ત્વચા તેજસ્વી થાય છે.

આમ વેદ આપણને ગાયની સેવાનું પ્રથમ શિક્ષણ આપે છે. ગાયની સેવામાં જ માનવીનો વિકાસ છે તે પણ શીખવે છે. ગાયની પૂજા અંધભક્તિ નથી; તેમાં એક શાસ્ત્ર છે, એક વિજ્ઞાન છે. તેનો પાયો ઉપયોગિતા પર રચાયેલો છે. ગાયની સેવા કરનારે આ વ્યાવહારિક સૂત્ર ધ્યાનમાં રાખવાનું છે કે સેવા વિના લાભ નથી ને લાભ વિના સેવા નથી.

તેથી જ વેદે ગાયોનો મહિમા ખૂબ ગાયો છે. વેદ કહે છે કે ગાયના શરીરમાં દેવતાઓનો વાસ છે, કારણ કે ગાય માતા છે. પર્વતશિખરો અને નદીકિનારા પર સાધના કરવામાં જે લાભ છે તેનાથી વધારે લાભ ગાયોની સેવામાં છે. ગાયના આશ્રયસ્થાનને વ્યવસ્થિત અને ચોખ્ખું રાખવાની વેદમાં આજ્ઞા છે. જે ગાયની સેવા કરે તેને ચમત્કારિક શક્તિ પ્રાપ્ત થાય છે.

આપણા પૂર્વજોએ ગોસેવાને જીવન સાથે બહુ સફળતાપૂર્વક જોડી આપી હતી. તેનાથી જીવન સરળ અને પ્રેમપૂર્ણ પણ બન્યું. ગાય આપણા પરિવારનું અંગ બની, આપણા જીવનનો ભાગ બની. ગાય અને બળદ ગ્રામસંસ્કૃતિ અને ગ્રામઅર્થશાસ્ત્રનાં મહત્ત્વનાં ભાગરૂપ છે. જેઓ દૂધ અને દૂધ-ઉત્પાદનો માટે

જ ગાય પાળે છે તે અજ્ઞાની છે. ગાય અને બળદની સંસ્કૃતિ આપણને પ્રકૃતિ સાથે જોડાયેલા રાખે છે અને તેના વિના આપણાં શરીર કે મનની તંદુરસ્તી તેના સાચા અર્થમાં સંભવતી નથી.

ગોરક્ષા એ ભારતીય સમાજનું તત્ત્વજ્ઞાન છે, અધ્યાત્મ છે. એ રીતે આપણે પશ્ચિમથી એક પગલું આગળ છીએ. પશ્ચિમમાં માનવીને પૂર્ણ રક્ષણ છે, પણ એથી આગળ નહીં. ભારતમાં ગાય ઘરના સભ્ય જેવી છે. આજે જો કે આ પરંપરા ફક્ત શબ્દોમાં જ રહી છે. કેવી વિડંબના છે કે આપણે ગાયનો આદર તો કરીએ છીએ, પણ તેની સંભાળ નથી રાખતા. પશ્ચિમમાં આપણા કરતાં વધારે સારી રીતે ગાયને સાચવવામાં આવે છે. આપણે ઘરના સભ્યોની પણ અવમાનના અને અવજ્ઞા કરતા થઈ ગયા છીએ તો ગાયની શું સંભાળ રાખવાના? ગાય દૂધ આપતી બંધ થાય કે બીમાર કે ઘરડી થાય તો આપણે તેને રખડતી મૂકી દઈએ છીએ.

આપણી પરાંપરા આ નથી. આપણે ગોવંશનું મહત્ત્વ સમજતા હતા અને એટલે તેને તંદુરસ્ત રાખતા હતા. ગાયનું દૂધ પીતા હતા, બળદથી ખેતી કરતા હતા, તેનું મૂત્ર અને છાણ તે આપણું ઉત્તમ સેન્દ્રિય ખાતર હતું, તેનાં ચામડાં અને હાડકાંનો ઉપયોગ પણ કરતાં હતાં પણ તેમને કતલખાને મોકલતાં ન હતા. આજે એ જ પરંપરાને વૈજ્ઞાનિક દૃષ્ટિ સાથે આપણે આગળ વધારવાની છે. વહેમોમાંથી બહાર નીકળીએ અને ડેરી તેમ જ અન્ય પશુઆધારિત ઉદ્યોગ વિકસાવીએ તેમાં ગોવંશનું અને આપણું પણ કલ્યાણ છે.

## ૨૬. ગોરક્ષા વિષે ગાંધીજીના વિચારો

૧૯૧૭થી ૧૯૪૭ સુધીમાં વિવિધ પ્રસંગો પર ગાંધીજીએ ગાય અને ગોરક્ષા સંબંધી પોતાના વિચારો બોલીને અથવા લખીને પ્રગટ કર્યા છે :

- ગોરક્ષા દરેક હિંદુનું પ્રથમ કર્તવ્ય છે.
- ગાયોને બચાવવાની પ્રવૃત્તિ ઘણીવાર અશાંતિ અને કોમી તંગદિલીમાં પરિણમે છે એટલું જ નહીં, તેને લીધે ગાયો બચે છે તે કરતાં મરે છે વધારે.

- ગાયનો પ્રશ્ન એક જ રીતે ઉકેલી શકાય અને તે રસ્તો તપસ્યાનો છે. તપસ્યા એટલે ગાયની સેવામાં જિંદગી ખર્ચી નાખવી તે. હિંદુઓ આવી તપસ્યા કરી શકશે ?
- જેઓ બીજાને પાપ કરતાં અટકાવવા માગે તેમણે પહેલાં તો પોતે પાપમુક્ત થવું પડે. હિંદુઓ ગોવંશ પ્રત્યે ઘણા ક્રૂર છે. ગાયની આજે જે દશા છે તે આ ક્રૂરતાની સાબિતી છે. હું જ્યારે કુપોષિત, હાડચામનાં માળખાં જેવા બળદોને ભાર વેંઢારતા જોઉં છું ત્યારે મારું હૃદય રડે છે. ગાડાખેડુઓ એવા બળદનાં પૂંછડાં આમળી તેમને દોડાવે છે. તેમની કાંધ છોલાયેલી હોય છે. આ હિંસા નથી શું? ગાયના શરીરમાંથી લોહીનું છેલ્લું ટીપું પણ બળાત્કારે કાઢી લેવામાં આપણને શરમ આવતી નથી. ગાયનું આવું શોષણ કરનાર અને તેમનું દૂધ પીનાર ગાયોના હિતની વાતો કરે ત્યારે મારું હૃદય રડે છે.
- આપણી મોટા ભાગના પાંજરાપોળોની દશા દયનીય હોય છે. પ્રાણીઓ માટે વરદાન સાબિત થવાને બદલે પાંજરાપોળ માત્ર મરતાં પ્રાણીઓને આશ્રય આપવાથી સંતોષ માને છે.
- ગાયનું રક્ષણ મારું પ્રિય ક્ષેત્ર છે. કોઈ મને પૂછે કે હિંદુ ધર્મનું સૌથી અગત્યનું પાસું કયું છે તો હું કહું કે ગોરક્ષા.
- ગાયોની હત્યાનો દોષ મુસ્લિમો પર ઢોળતા આપણે, આપણા જ દેશમાં રહેતા ને ગોમાંસ ખાતા અંગ્રેજોની વિરુદ્ધ કેમ કંઈ નથી બોલતા? આપણી પોતાની ગોવંશ તરફની ક્રૂરતા કે બેદરકારી કેમ નથી અટકાવતા? ગાયનું કામ કરવામાં ઉશ્કેરાટની નહીં, વિચારની જરૂર છે.
- ગાય ભારતનો પ્રશ્ન છે, હિંદુ કે મુસ્લિમનો નહીં.
- દેશના દરેક રાજ્યમાં ગૌશાળા છે અને તેમાંની મોટાભાગની ગૌશાળાઓની સ્થિતિ દયનીય છે. તેનું મૂળ કારણ પૈસાની ખામી કરતાં વહીવટની ખામી વધારે છે. જો ગૌશાળાઓ ને પાંજરાપોળો નક્કર કામ કરે તો આપણે ત્યાં દાતાઓની ખોટ નથી.
- પાંજરાપોળો શહેરમાં નહીં, શહેરની બહાર ખુલ્લામાં હોવી જોઈએ. તેમાં માત્ર બીમાર અને ઘરડી ગાયો નહીં, દૂધાળી ગાયો પણ હોવી

જોઈએ, જેથી તેમનું દૂધ શહેરમાં વેચવાથી આવક ઊભી કરી શકાય. લોકો મને યંત્રોનો વિરોધી માને છે, પણ હું કદી ઉપયોગી યંત્રોનો વિરોધ કરતો નથી, ડેરી ઉદ્યોગ માટે જરૂરી મશીનોનું તો હું સમર્થન પણ કરું. પાંજરાપોળને દૂધકેન્દ્ર બનાવવા માટે કોઈ ભારતીય ન મળે તો કોઈ અંગ્રેજ જાણકારને રોકવાનો પણ મને વાંધો નથી. જો આપણી ગૌશાળાઓ ને પાંજરાપોળો સક્ષમ દૂધકેન્દ્રો બને અને સ્વાવલંબી બને તો લોકોને દૂધ, માખણ અને ઘી ઓછા ભાવે ઉપલબ્ધ થાય અને અન્ય ગોવંશને પણ તેનો ફાયદો થાય.

- વર્ષો પહેલાં મેં હિંદ સ્વરાજમાં લખેલું કે આપણી ગાયસંરક્ષણની સંસ્કૃતિ ગાયહત્યારી સંસ્કૃતિ બનતી જાય છે. ૧૯૧૫માં હું ભારત આવ્યો ત્યાર પછી મારી આ માન્યતા બદલાઈ નથી, વધુ દૃઢ બની છે.
- જેઓ ગાયના રક્ષણનો વિચાર કરતાં હોય તેઓ એમ ન માને કે ગાયને મુસ્લિમ કે ખ્રિસ્તીઓના હાથમાંથી બચાવવાની છે. તેમણે ગાયને તેમના પોતાના હાથમાંથી પણ સુરક્ષિત રાખવાની છે.
- ભારતની ગરીબી અને ગાયોની બેહાલી વચ્ચે ઘનિષ્ટ સંબંધ છે. શહેરવાસીઓને કદાચ ભારતની ગરીબીનો પૂરો ખ્યાલ ન આવે.
- ગાયની કતલ અને માનવહત્યા એક સિક્કાની બે બાજુઓ જેવી છે અને બંનેનો ઉપાય છે અહિંસા અને વિરોધીને પણ જીતી લેતો પ્રેમ. પ્રેમની કસોટી તપસ્યા છે અને તપસ્યાનો અર્થ છે સહન કરવાની તૈયારી. ગોરક્ષાનો અર્થવિસ્તાર દરેક નિર્બળ અને અસહાયનું રક્ષણ એવો થાય છે.
- ગાયને કતલખાને લઈ જવી અને પછી કતલ કરનારને ગોહત્યારો કહેવો તે તો બરાબર નહીં.
- ગાયને માત્ર કતલથી નહીં, ક્રૂરતા અને બેદરકારીથી પણ રક્ષવાની છે.
- ગોરક્ષાને ધાર્મિક કર્તવ્ય બનાવ્યું ત્યારથી ગાયની બેહાલી ઊલટી વધી છે. અખિલ ભારતીય ગોરક્ષા સભાનું ધ્યેય કતલ અને ક્રૂરતાથી ગોવંશની રક્ષા કરવાનું છે. ગૌશાળા અને પાંજરાપોળ માટે બંધારણ ઘડાવું જોઈએ અને તેમાં પશુપાલકોમાં જાગૃતિ આણવી, બીમાર અને વૃદ્ધ પશુઓને આશ્રય આપવો, ડેરીઓમાં યોગ્ય ભાવે ચોખ્ખું દૂધ મળે

તેવી વ્યવસ્થા કરવી, મૃત પશુઓનાં ચામડાંની વસ્તુઓ બનાવવાનાં કારખાનાં કરવા જેથી બીમાર, ઘરડાં પશુઓની નિકાસને પ્રોત્સાહન ન મળે, ગૌશાળાના કામ માટે ખંતીલા, નીતિમાન માણસો શોધી તેમને તાલીમ અને યોગ્ય પગાર તેમ જ રહેઠાણ આપવાં, અદૃશ્ય થતાં ચરાણોની તપાસ કરવી અને તેમને વિકસાવવાં, પશુંઓના ઈલાજ અને સ્વચ્છતાનું ધ્યાન રાખવું, ભંડોળ ઊભું કરવું જેવી બાબતોનો સમાવેશ થવો જોઈએ.

- ડેરી અને ચામડાંનાં કારખાનાંની વાત વધુ પડતી વ્યાવહારિક લાગે, પણ જે ધર્મ વ્યવહારથી અને વ્યાવહારિક સમસ્યાઓના ઉકેલથી દૂર રહે તે ધર્મ જીવનથી પણ દૂર થઈ જાય છે. ધાર્મિક હિંદુઓ ગાયો માટે મોટાં દાન કરે છે, પણ ગાયોની હત્યા કે તેમના પર આચરાતી ક્રૂરતામાં ઘટાડો થયો નથી. આનો વિચાર થવો જોઈએ. ગોરક્ષાને ધર્મ કહીએ તે બરાબર છે, પણ એ પણ યાદ રાખીએ કે ધર્મ અર્થકારણ, સમાજકારણ અને રાજકારણ સાથે સંકળાયેલો છે જ.
- ગૌશાળા અને પાંજરાપોળનું એક વિજ્ઞાન છે. જેને એ વિજ્ઞાનની ખબર ન હોય તેના હાથમાં તેનો વહીવટ સોંપાય નહીં. ગૌશાળામાં દૂધની ગુણવત્તા તપાસવાનાં સાધનો હોવાં જોઈએ. દૂધનું ઉત્પાદન વધે તે માટે પ્રયત્નો થવા જોઈએ. આવી સંસ્થાઓ કોઈ પર નિર્ભર ન હોવી જોઈએ. તેના ટ્રસ્ટીઓ કે વહીવટકર્તાઓ યોગ્ય માણસોને યોગ્ય પગારે રોકે અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે. પશુંઓના ખોરાક, સગવડ, સ્વચ્છતા અને ચિકિત્સાનો પૂરતો પ્રબંધ હોવો જોઈએ. જો એમ ન થાય તો ગૌશાળા અને પાંજરાપોળ મરવાના વાંકે જીવતી ને નિરુપયોગી બની રહેશે. એક પણ ગાય કે બળદ અકાળે મૃત્યુ પામે, કતલખાને લઈ જવાય કે તેની નિકાસ થાય તો આપણને શરમ આવવી જોઈએ.
- ગૌશાળા ચલાવવાની તાલીમ આપવી જોઈએ. ગૌશાળામાં એ વિષયનાં પુસ્તકો હોવા જોઈએ અને તેના સંચાલકને સરખો પગાર તેમ જ રહેવાની વ્યવસ્થા હોવી જોઈએ.
- ગોરક્ષા ધર્મનો જ નહીં, ભારત જેવા દેશમાં તો જીવનનો પ્રશ્ન છે કારણ કે ગાય-બળદ વિના ખેતી થાય નહીં અને ખેતી વગર માનવી

જીવી શકે નહીં. ઉપરાંત ગોવંશ વિના દૂધ મળે નહીં અને દૂધ વિના પણ જીવવું મુશ્કેલ થઈ જાય.

- પશુઓની તંદુરસ્તીનો આધાર બુદ્ધિપૂર્વકના ઉછેર પર આધાર રાખે છે. તે શીખવું મુશ્કેલ નથી. ગોરક્ષા સાથે સંકળાયેલી સંસ્થાઓને આ માર્ગદર્શન પણ પૂરું પાડવું જોઈએ. આ ક્ષેત્રમાં પ્રયોગો પણ થતા રહેવા જોઈએ અને ચામડાનાં કારખાનાં માટેનો લોકોનો દુર્ભાવ દૂર થવો જોઈએ.

- ગાયોની કતલ અટકાવવા માટે સરકાર શું કરી શકે ?

૧. પશુઓની ખરીદી સરકાર હસ્તક થવી જોઈએ.

૨. સરકારે ઓછા ભાવે દૂધનું વેચાણ કરતી ડેરીઓ ચલાવવી જોઈએ.

૩. ચામડાનાં કારખાનાઓમાં પશુના મૃતદેહનો યોગ્ય ઉપયોગ થાય તે માટે આવાં કારખાનાં સરકાર હસ્તક ચાલવાં જોઈએ.

૪. સરકારે મોડેલ ગૌશાળા અને પાંજરાપોળ ચલાવી લોકો સામે ઉદાહરણ મૂકવું જોઈએ.

૫. આ સંબંધી સરળ અને અસરકારક નીતિઓ રચવી જોઈએ.

- દૂધ ઉપરાંત ગૌમૂત્ર અને છાણ પણ ખૂબ ઉપયોગી છે. ઘણી ગૌશાળા તે ફેંકી દે છે. તેમ ન કરતાં તેનો ઉપયોગ ખાતર, વિવિધ ઔષધિ અને ગોબરગેસ બનાવવામાં કરવો જોઈએ.
- ગોવંશ ઉપરાંત અન્ય પ્રાણીઓ માટે પણ આશ્રયધામો ખોલવાં જોઈએ. ગાંધીજી કહેતા કે આશ્રયની જરૂર તમામ પ્રાણીઓને છે, પણ આપણે ગાય જેવા ઉપયોગી પ્રાણીને પણ સાચવતા નથી. ઉપયોગી પ્રાણીની પણ અવદશા કરીશું તો બાકીનાં પ્રાણીઓ પ્રત્યે કરુણા ક્યાંથી રાખીશું ?
- શાકાહાર અપનાવવો જોઈએ.
- ગાયસમસ્યાને માનવતાવાદી, અર્થશાસ્ત્રી, રાજકારણી, કોમવાદી દરેક જુદી જુદી રીતે જુએ છે. સંસ્થાઓએ આવો કોઈ રંગ આપ્યા વિના ગાયનું રક્ષણ કરવું જોઈએ.

- ગાયનાં છાણનો ઉત્તમ ઉપયોગ કરવો હોય તો તેને ઈંધણ તરીકે ન વાપરતાં ખાતર તરીકે વાપરવું જોઈએ.
- દૂધ ન આપતી ગાય પણ મૂત્ર અને છાણ તો આપે જ છે. તેના વૈકલ્પિક ઉપયોગો નથી જાણતા તેથી જ ગાયને નકામી કહીએ છીએ.
- આજે ગૌશાળા અને પાંજરાપોળ એવા લોકો ચલાવે છે જેમને એ વિષયનો અનુભવ નથી કે જ્ઞાન નથી. એ સ્થિતિમાં આમૂલ પરિવર્તન થવું જોઈએ.

નંદને ઘેર નવલખ ગાયો હતી તેમ કહેવાય છે. નવલખ ગાયો એટલે નવ લાખ ગાયો નહીં, પણ નવ લક્ષ્ય આપનારી ગાયો. જાતવાન દૂધાળી ગાય મનુષ્યને નવ પ્રકારની સંપત્તિ આપે છે : બલ, બુદ્ધિ, આયુષ્ય, આરોગ્ય, સંપત્તિ, સંતાનો, વિજય, કીર્તિ અને મોક્ષ.

## ૨૭. પ્રોજેક્ટ જીઆઈઆઈએસટી

આ પ્રોજેક્ટ ખેતી અને ગોસંવર્ધન માટે હોવાથી તેની ટૂંકી માહિતી અહીં મૂકી છે.

જીઆઈઆઈએસટી એટલે ગ્લૉબલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડિજિનિયસ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી અથવા ગ્લૉબલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડિજિનિયસ સ્કિલ્સ એન્ડ ટ્રેઈનિંગ.

જેની પાસે દસ એકર જમીનની વ્યવસ્થા હોય તે આ પ્રોજેક્ટ પર અમલ કરી શકે. આ દસ એકરમાંની પાંચ એકર જમીન ખેતી અને ગોસંવર્ધન માટે વાપરી બાકીની પાંચ એકર જમીન બગીચા કે સંસ્થા માટે બાંધકામમાં વાપરવી. જેને નવું શીખવામાં અને પોતાના તેમ જ સમાજના ભલા માટે કામ કરવામાં રસ હોય તે સૌ આ શીખી શકે. તેના માટે વિવિધ સર્ટિફિકેટ કૉર્સ હોય છે, જેમાં ગોપાલન, સૌર ઊર્જા, કૃષિ, વૃક્ષસંવર્ધન, ઋતુ પ્રમાણે પાક, આયુર્વેદ વગેરેનો સમાવેશ થાય છે. ઇચ્છુક લોકો વધુ માહિતી માટે જિતુભાઈ ભટ્ટ: ૯૮૨૦૯૬૯૬૦૭ આ નંબર પર ફોન કરી શકે છે.

# ૨૮. ગૌશાળાઓની સૂચિ

ગુજરાતની મુખ્ય ગૌશાળાઓ : ગુજરાતમાં ૨૦૦ જેટલી ગૌશાળાઓ છે. તેમાંની મુખ્ય નીચે પ્રમાણે છે:

- શ્રી જલારામ મંદિર ટ્રસ્ટ ગૌશાળા, પાલડી-કાંકરેજ, અમદાવાદ
- જલારામ ગૌસેવા કેન્દ્ર, તા. ડિસા, જિ. બનાસકાંઠા
- શ્રી રાધનપુર ખોડા ઢોર પાંજરાપોળ ગૌશાળા, તા. સામી, જિ. પટણા
- શ્રી માણેકબા વિનયવિહાર ગૌશાળા, પો. અડાલજ, જિ. ગાંધીનગર
- શ્રી બંસી ગૌશાળા, પો. પીરાણા, અમદાવાદ
- શ્રી ગોપીનાથજી ગૌશાળા, કુંદાલ, તા. બરવાળા, અમદાવાદ
- શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યાપીઠ, પો. ચારોડી, એસજી હાઈવે, અમદાવાદ
- શ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ગૌશાળા, પો. સણોસરા, જિ. ભાવનગર
- શ્રી પ્રભા હેમ કામધેનુ ગિરિવિહાર ટ્રસ્ટ ગૌશાળા, પો. પાલીતાણા, જિ. ભાવનગર
- શ્રી બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ મંદિર ગૌશાળા, પો. ગઢડા, જિ. ભાવનગર
- શ્રી મોંઘીબા ગૌશાળા, પો. સિહોર, જિ. ભાવનગર
- શ્રી ૧૦૮ પુરુષોત્તમલાલજી ગૌસેવા ટ્રસ્ટ, પો. વાડલા, તા. વંથલી, જિ. જૂનાગઢ
- શ્રીમદ્ રાજચંદ્ર ગૌશાળા, પો. બરોલિયા, તા. ધરમપુર, જિ. વલસાડ
- શ્રી વસન કોઠારિયા ગામત ગૌશાળા ટ્રસ્ટ, પો. હરિધામ, સોખડા, જિ. વડોદરા

- શ્રી રામરોટી આશ્રમ ગૌશાળા, ગામ કોઠારિયા, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર
- શ્રી કબીર આશ્રમ ગૌશાળા, ગામ લીંબડી, જિ. સુરેન્દ્રનગર
- શ્રી ભુવનેશ્વરી પીઠ ગૌશાળા, ગામ ગોંડલ, જિ. રાજકોટ
- શ્રીજી ગૌશાળા, રાજકોટ
- આર્યવણ વિકાસ ટ્રસ્ટ ગૌશાળા, તા. તલોદ, જિ. સાબરકાંઠા
- શ્રી સ્વામીનારાયણ મંદિર ગૌશાળા, ગામ વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા
- શ્રી સતકેવલ ગૌશાળા, ગામ સરસ, જિ. આણંદ
- શ્રી આનંદબાવા સેવા સમર્થ ગૌશાળા, જામનગર
- શ્રી ઊમિયા ગૌશાળા ટ્રસ્ટ, પો. સિડસર, તા. જામજોધપુર, જિ. જામનગર
- શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર, લૂણી, તા. મુંદ્રા, જિ. કચ્છ

એક ઈન્ટરનેટ સૉર્સ મુજબ રાજસ્થાનમાં ૬૭૮, હરિયાણામાં ૧૬૨, મહારાષ્ટ્રમાં ૮૪, કર્ણાટકમાં ૨૨, ઓરિસ્સામાં ૧૮, આસામમાં ૪, બિહારમાં ૧૪૮, દિલ્હીમાં ૧૫, હિમાચલ પ્રદેશમાં ૨૪, પંજાબમાં ૧૬૭ અને આંધ્રમાં ૨૩ ગૌશાળાઓ છે.

## આ વિષય પર વધુ વિગતવાર જાણકારી માટે વિશેષ વાંચન

- ગોમીમાંસા - વેણીશંકર મુરારજી વાસુ
- ગૌશાલા(અંગ્રેજી) - ડૉ. સંજય ખન્ના, મેનકા સંજય ગાંધી,
- મીનાક્ષી અવસ્થી
- ગોવેદ - મનસુખ સુવાગિયા
- ગોધામ - વિનુભાઈ ગાંધી
- ગાય આધારિત ખેતી - ગો કૃષિ ગ્રામ સંવર્ધન
- ગોવંશી વિકાસ - વિનુભાઈ ગાંધી
- ભારતીય ગોદર્શન - સં. સુરેશકુમાર સેન

**USEFUL WEBSITES:**

1. A comprehensive database about Cow, *Gaushalas*, cow-products etc.
http://www.indiancattle.com

2. Cow's milk v. buffalo's milk, cows ghee v. buffelow ghee
https://www.mkgandhi.org/health/diet_reform/32cowmilk.html
https://www.mkgandhi.org/health/diet_reform/32ghee.html

3. Cow slaughter and cow protection
https://www.mkgandhi.org/g_comunal/chap14.htm

4. Cow Protection (Goraksha)
https://www.mkgandhi.org/health/indiadreams/chap32.htm
https://www.mkgandhi.org/vinoba/pranav_bk/letter40.htm
https://www.mkgandhi.org/vinoba/cow.htm
https://www.mkgandhi.org/momgandhi/chap81.htm

5. Dairy
https://www.mkgandhi.org/ashramobservance/10dairy.htm

6. Other links
https://en.wiki/cow_protection_movement
https://en.wikipedia.org/wiki/cattle_slaughter_in_India
https://indiankanoon.org/doc/1452335

ગાય આધારિત ઉદ્યોગ

દૂધ (ડેરી ઉદ્યોગ)

ગોબર (ખાતર )

ગૌમૂત્ર (કીટાણુ નિયંત્રક)

ગોબરગેસ (ઊર્જા)

બળદ(ખેતી, પરિવહન)

પંચગવ્ય (ઔષધ )

પંચામૃત : દૂધ, દહીં, સાકર, ઘી, મધ

પંચગવ્ય : દૂધ, ઘી, દહીં, ગૌમૂત્ર, ગોબર

ગાય સૌની માતા છે, ગાય જીવનદાતા છે

ગાય જેના ઘરમાં હોય, ત્યાં સૌ રાતામાતા છે

ગૌવંશ આધારિત ખેતી દ્વારા રોજી-રોટી, કપડાં, મકાન તેમ જ દવા અને જીવનાવશ્યક મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ થઈ જાય છે. વેદોમાં ગાયને રુદ્રોની માતા, વસુઓની પુત્રી અને આદિત્યોની બહેન કહેવામાં આવી છે. તે હંમેશાં માનવસેવામાં રત રહી છે અને તેનું દૂધ અમૃતતુલ્ય ગણાય છે. ગોસેવા એ જ પ્રભુસેવા અને ગોરક્ષા એ જ માનવરક્ષા.

---

પ્રકાશક:

**મુંબઈ સર્વોદય મંડળ**

૨૯૯, તારદેવ રોડ, નાના ચોક, મુંબઈ ૪૦૦૦૦૭

ફોન: ૦૨૨-૨૩૮૭૨૦૬૧। ઈ-મેલ: **info@mkgandhi.org**

વેબસાઈટ: **www.@mkgandhi.org**